જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૩૧-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને સુરતમાં નવા એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગનું અને વિનસ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું

આકરા અને મોટા નિર્ણયો લેવા પૂર્ણ બહુમતની સરકાર ખૂબ જરૂરીઃ મોદી

ભવિષ્યમાં સૂરતનો શહેરનો સમાવેશ વિશ્વના ટોપ ૧૦ શહેરોમાં થશે,આવનારો સમય સુરતનો જ છે,નોટબંધીથી મધ્યમ વર્ગને ફાયદો થયો,ગઠબંધનવાળી સરકારોના કારણે દેશ પાછળ રહી ગયો છે,સુરતનો વિકાસ અમને દેખાયો એમને નહીઃ મોદી



સુરત

આજે(બુધવાર) શહેરમાં ૪૨૧ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ ૬૩૬ કરોડના પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અર્થે પીએમ મોદી સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. અને પીએમ મોદીએ સુરત એરપોર્ટ ખાતેથી નવા એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત સહિત ૧૦૫૮ કરોડના પ્રોજેક્ટનું ઓનલાઈન ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

સૂરત ખાતેથી મોદીએ શંખનાદ કરતા કહ્યું કે, આવનારો સમય સૂરત શહેરનો હશે, અને ભવિષ્યમાં સૂરતનો શહેરનો સમાવેશ વિશ્વના ટોપ ૧૦ શહેરોમાં થશે. હીર-કાપડ ઉદ્યોગથી મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળ્યું છે. સૂરત દેશની અર્થવ્યવસ્થામાં ચાર ચાંદ લગાવશે. ભવિષ્યમાં સૂરતમાં રોકાણ વધારાશે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી દેશના ૧૭ એરપોર્ટ્સને અપગ્રેડ કરવામાં આવ્યાં છે. 'ઉડાન' યોજના અંતર્ગત ૪૦ એરપોર્ટ જોડાયા છે. હવાઈ ચંપલ પહેરનારા લોકો પણ હવાઈ યાત્રા કરી શકશે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે હવે પાસપોર્ટ માટે મોટા શહેરમાં ધક્કા નહીં ખાવા પડે. એટલું જ નહીં પાસપોર્ટના નિયમો પણ સરળ બનાવવામાં આવશે. ઘરના ઘરે અંગે નિવેદન આપતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકારે ૨૫ લાખ ઘર બનાવ્યા હતા. અમારી એનડીએ સરકાર એક કરોડ અને ૩૦ લાખ ઘર બનાવ્યા છે. ૩૫ લાખ ઘરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, તેમજ ૭૦ લાખ ઘરોને મંજૂરી આપવામાં આવી છે.

મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે,નોટબંધી બાદ મકાનોના ભાવમાં ઘટાડો થયો છે, અને નોટબંધીથી મધ્યવર્ગને ફાયદો થયો છે. મધ્યમવર્ગના પરિવારને ઘર બનાવવામાં થશે ૬ લાખની બચત થશે. લોકોને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે, અમે નવા ભારતની નવી ઉર્જાને વિકાસ સાથે જોડી રહ્યા છીએ અને નવા ભારતના નિર્માણ તરફ કામ કરી રહ્યા છીએ. પૂર્ણ બહુમતવાળી સરકારની જવાબદારી વધી જાય છે. પૂર્ણ બહુમતી માટે સરકારનું તિર છોડ્યું છે. તેમણે સંબોધનમાં જણાવ્યું છે કે ૨૦૧૪ની લોકસભા ચુટણીમાં ભારતીય જનતા પક્ષને પૂર્ણ બહુમતી મળવાના કારણે દેશમાં પરિવર્તનનો સમય ચાલી રહ્યો છે. પૂર્ણ બહુમતની સરકાર આવવાથી દેશને ત્રિશંકુની ૩૦ વર્ષની બીમારીથી છુટકારો મળ્યો છે. ઉડે દેશનો સામાન્ય નાગરીક (UDAN) અને આવાસ યોજના હેઠળ લોકોને ફાયદો થવાથી પીએમએ કહ્યું કે આ યોજનાઓ કોઈ એક વ્યક્તિ કે પક્ષના કારણે નથી પરંતુ ચુટણીમાં પૂર્ણ બહુમતી મળવાથી થઈ શકી છે.

તેમણે જણાવ્યું કે આવી સરકાર કઠોર નિર્ણય લઈ શકે છે. ગઠબંધનવાળી સરકારોના કારણે દેશ પાછળ રહી ગયો છે.

એક જનસભા સંબોધન કરતા તેમણે આગામી લોકસભાની ચુટણી માટે પરિવર્તનનો સમય લોકોના મતની તાકતના કારણે છે. ના કે મોદીની તાકાતને કારણે. પીએમએ કહ્યું કે ૩૦ વર્ષ સુધી દેશમાં જોડ-તોડથી સરકાર ચલાવવાના પ્રયત્નો થતા હતા.

પીએમએ જણાવ્યું કે લોકોના એક-એક મતથી પૂર્ણ બહુમતથી દેશને ત્રિશંકુની ૩૦ વર્ષની બીમારીથી છુટકારો મળ્યો છે. પીએમએ યુવા પેઢીથી એ શિખવા કહ્યું કે બહુમતથી આવેલ સરકાર સક્ષ અને મોટા નિર્ણયો લઇ શકે છે. અને હિંમતની સાથે દેશને આગળ વધારી શકે છે. તેમણે કહ્યું કે પૂર્ણ બહુમતની સરકારની તે જવાબદારી હોય છે કે દેશને પ્રગતિની તરફ લઇ જાય.

૧ ફેબ્રુઆરીએ વચગાળાનું જ બજેટ સંસદમાં રજૂ કરાશેઃ નાણાં મંત્રાલયની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આવતી ૧ ફેબ્રુઆરીએ સંસદમાં વોટ-ઓન-એકાઉન્ટને બદલે સંપૂર્ણ સ્તરનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે એવી ધારણા દર્શાવતા અહેવાલોને કેન્દ્રીય નાણાં મંત્રાલયે રદિયો આપ્યો છે અને સ્પષ્ટતા કરી છે કે ૧ ફેબ્રુઆરીએ જે બજેટ રજૂ કરાશે તે વચગાળાનું જ હશે.

નાણાં પ્રધાન પીયૂષ ગોયલે અહીં એક પત્રકાર પરિષદમાં સ્પષ્ટતા કરી હતી કે ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારું બજેટ વર્ષ ૨૦૧૯-૨૦નું વચગાળાનું હશે. સામાન્ય રીતે એવી પ્રથા રહી છે કે લોકસભાની ચૂંટણીનું વર્ષ હોય ત્યારે સરકારે વચગાળાનું બજેટ અથવા વોટ-ઓન-એકાઉન્ટ રજૂ કરવાનું રહેતું હોય છે. ચૂંટણી પૂરી થયા બાદ જે નવી સરકાર સત્તા સંભાળે એ જ ફુલ બજેટ રજૂ કરતી હોય છે. એ પ્રથા અનુસાર, આ ચૂંટણીનું વર્ષ હોઈ મર્યાદિત સમયગાળા માટે સરકારના આવશ્યક ખર્ચા માટેની મંજૂરી અથવા વોટ-ઓન-એકાઉન્ટ મેળવી લેવામાં આવ્યું છે અને નવી સરકાર જ સંપૂર્ણ સ્તરનું બજેટ રજૂ કરશે. પ્રણાલિ અનુસાર, હાલની સરકાર કોઈ નવી સેવા શરૂ નહીં કરે અથવા ફાઈનાન્સ બિલ રજૂ નહીં કરે કે વચગાળાના બજેટમાં આર્થિક સર્વેક્ષણ રજૂ નહીં કરે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે દર્શાવેલ કોષ્ટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મેરેજ આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રીસો મોડલી રકમથી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૧૫૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ત્રીસો મોડલી રકમથી) આપની કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૩૫૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ભુજ વિસ્તારમાંથી હાર જીતનો જુગાર રમતાં ચાર જુગારીઓને ભુજ એલસીબીએ પકડી પાડયો



ભુજ કચ્છ:

પોલીસ અધિક્ષક એ મ.એ સ.ભરાડા સાહેબ,પશ્ચિમ કચ્છ ભુજની સુચના અને માર્ગદર્શન મુજબ આજરોજ એલ.સી.બી., પશ્ચિમ કચ્છ-ભુજ ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર એમ.બી. ઔસુરાની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.સ્ટાફના માણસો ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ભુજ શહેર વિસ્તારના ભઠારા ફળીયા, ઠુઠાવાડી વંડીમાં અમુક ઈસમો જાહેરમાં ધાણી પાસા વડે રૂપિયાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી અન્વયે રેડ કરતા (૧) કાદર અકબર મેમણ, ઉ.વ.૨૭, રહે.સુરલભીઠ રોડ, મેમણ કોલોની, ભુજ (૨) ઈમતીયાઝ મામદહુસેન ચાકી, ઉ.વ.૩૪, રહે.સુરલભીઠ રોડ, તહાનગર, ભુજ (૩)અમીન સીધ્ધીક ગગડા, ઉ.વ.૩૦, રહે.દાદુપીર રોડ, ભુજ (૪)સરફરાજ રજાક ખાટકી, ઉ.વ.૨૪, રહે.ખાટકી ફળીયુ, ભુજ વાળાઓને રોકડા રૂા.૪૨,૫૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૪, કિં.રૂા.૨૦,૫૦૦/- તથા ધાણી પાસા નંગ-૨, કિં.રૂા. ૦૦/- એમ કુલ્લે રૂપિયા ૬૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર એ ડી.વી.પો.સ્ટે. ખાતે જુગાર ધારા હેઠળ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી: લોકાર્પણના ૩ મહિનામાં ૭.૫૦ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી

કેવડિયા

કેવડીયામાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાની ૩ મહિનામાં ૭.૫૦ લાખ પ્રવસીઓએ મુલાકાત લીધી છે. જેમાંથી ૩.૫૦ લાખ પ્રવાસીઓએ વ્યૂ ગેલેરીમાં જઈને આસપાસના નજારાને માણ્યો છે. નર્મદા ડેમ કરતાં હવે સહેલાણીઓમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આર્કષણ વધ્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની નવેમ્બરમાં ૨.૬૭ લાખ પ્રવાસીઓએ જયારે ડિસેમ્બરમાં ૨.૫૫ લાખ પ્રવાસીઓ મુલાકાત લીધી હતી.જાન્યુઆરી મહિનામાં ૨.૩૦ લાખ પ્રવાસીઓ નોંધાયાં છે. આમ ત્રણ મહિનામાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ૭.૫૫ લાખ પ્રવાસીઓ આવ્યાં છે. નર્મદા બંધ પર પણ એક વર્ષમાં ૫ લાખ પ્રવાસીઓ નોંધાતાં હતાં. માત્ર ૨૦૧૩-૧૪ માં ૧૦ લાખ પ્રવાસી ડેમ જોવા માટે આવ્યાં હતાં. દરવાજા લાગી ગયા બાદ ડેમ જોવા આવતાં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો.

૩૧મી ઓકટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ ફરીથી કેવડીયામાં પ્રવાસીઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ ચીફ ઓફિસર અને ડેપ્યુટી કમિશનર નિશ્ચલ દૂબેએ જણાવ્યું હતું કે હજુ સ્ટેચ્યુ ખાતે ઘણી સુવિધાઓ ઉભી કરવાની બાકી છે. ઉનાળાની ગરમીને ધ્યાને રાખી આજુબાજુમાં શેડ બનાવવામાં આવી રહ્યો છે તેમજ બેઠક વ્યવસ્થા અને પાણીની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. હજુ અનેક વિકાસલક્ષી કામો સરકાર દ્વારા આરંભી દેવાયા છે. જે સંપૂર્ણ થઈ જતા હજુ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે.

ખુશખબરી ભુજ-પુના ટ્રેન આજથી હળવદ માં સ્ટોપ કરતા હળવદ વાસીઓમાં આનંદ ની લાગણી

ભુજ પુણે, ટે. નં૧૧૦૯૧ પુણે ભુજ ટે.નં૧૧૦૯૨ હળવદ સ્ટોપ કરશે



સુરેન્દ્રનગર સાંસદ દેવજીભાઈ ફતેપરા, પુવેંમંત્રી જયંતીભાઈ કવાડીયા શહેરભાજપ પ્રમુખ સહીત વેપારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

હળવદ ના લોકો ની છેલ્લા કેટલાક સમયથી માંગ હતી કે લાંબા અંતર ની ટેન નો સ્ટોપ હળવદ મળે જેની રજુઆત મંત્રી સાંસદ શહેર ભાજપ પ્રમુખ તથા આગેવાનો કરી જેના ભાગરૂપે હળવદ ને ભુજ પુના ટેન સ્ટોપ મળતા હળવદ વાસી'ઓમાં આનંદ ની લાગણી ફેલાઈ છે

સંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા,પૂર્વ મંત્રી જયંતીભાઈ કવાડિયા તથા શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ અને શહેર ભાજપ ટીમ ના અથાગ પ્રયત્ન થકી હળવદ રેલ્વે સ્ટેશન ખાતે ભુજ-પુના ટ્રેન ને સ્ટોપ મળતા તારીખ:- ૩૦-૧-૨૦૧૯ ને બુધવાર ના રોજ બપોરે:-૧૨.૦૦ કલાકે પ્રથમ વખત ટ્રેન સ્ટોપ થવાની હોઈ ત્યારે તેને આવકારવા માટે હળવદ શહેર ના સર્વે વેપારી મિત્રો —સામાજિક ધાર્મિક રાજકીય અગ્રણીઓ અને સર્વે સંસ્થા ના સભ્યઓ સર્વે નગરજનો ઉપસ્થિત રહ્યા હતા, આ ટ્રેન ને પૂર્વ મંત્રી જયંતીભાઈ કવાડિયા,સાસંદ દેવજીભાઈ ફતેપરા, , નગરપાલિકા ના પ્રમુખ હીનાબેન રાવલ શહેરભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ, તા, પંચાયત પ્રમુખ ધમેન્દ સિહ ઝાલા, રણછોડભાઈ દલવાડી, બીપીનભાઈ દવે, નવીનભાઈ,રમેશભગત,સહીત રેલ્વે ના અધિકારી ટી,આઈ મીના, એસ, એસ, ગુપ્તા, ડી, વાય, રામનારાયણ, ઋષિકુમાર દવે, ગોપેશકુમાર, હુશેનભાઈ, નંદકીસોરભાઈ, વેપારી અગ્રણી બીપાલલાલ પરીખ, સહીતના એ લીલી ઝંડી આપી અને આગળ પ્રસ્થાન કરાવયુ હતુ, તો હળવદ સ્ટેશન ખાતે વેપારીઓ, મહાનુભાવો અને હળવદવાસીઓ ઉમટી પડીયા હતા.

પત્રકારો સાથે ગેરવર્તન કરનાર પોલીસ કોન્સ્ટેબલ ની તાત્કાલિક બદલી કરાઈ



જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી પગલાં લેવાયા

જેતપુર

જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના કૉન્સ્ટેબલે બે શખ્સોને ઢોર મારી બે લાખ રૂપિયા માંગવાના સમાચાર પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનીક માધ્યમ આવતા કૉન્સ્ટેબલને એવું તો શૂરાતન ચડ્યું કે પત્રકારો સાથે મારા વિરૂધ સમાચાર કેમ છાપ્યા તેમ કહી ગેરવર્તન કરતા પત્રકારોએ એસપીને રજૂઆત કરતા તાત્કાલીક અસરથી એસપીએ હેડ ક્વાર્ટર ખાતે કૉન્સ્ટેબલની બદલી કરી નાખી હતી

તાલુકા પોલીસ સ્ટેશનમાં કૉન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મિલન અને એક બીજા પોલીસ કર્મીએ શનિવારના રોજ વાડાસડા ગામના કિશન ચૌહાણ અને અંકુર વોરા નામના બે યુવાનોને અંગ્રેજી દારૂ ક્યા સંઘર્યો છે તેમ કહી બેરહમીથી ઢોર માર માર્યો પરંતુ બંને યુવાનો પાસેથી અંગ્રેજી દારૂ ન નીકળતા બંને પર પ્રોહીબીશનનો કેઈસ કરી એક એક લાખ રૂપિયાની માંગ કરેલ પરંતુ યુવકો નિર્દોષ હોય તેઓએ પૈસા આપવાની ના પાડતા ફરી તેઓને માર મારી રાત્રીના સમયે જામીન પર છોડ્યા હતા પોલીસના ઢોર મારથી બંને યુવાનોની તબીયત લથડતા બંનેને સારવાર માટે જેતપુર સરકારી હોસ્પીટલે લાવવામાં આવ્યા હતા બંને યુવાનો હોસ્પીટલમાં દાખલ થયા અને હવે પોતાની વિરૂધ ફરીયાદ કરશે તેની જાણ શામળા તેમજ મિલનને થતાં તેઓએ અન્ય પોલીસ તેમજ સામજીક આગેવાનોની મધ્યસ્થીથી ફરીયાદ થવા ન દીધી એટલે કે સમાધાન થઈ ગયું પરંતુ પોલીસ કૉન્સ્ટેબલની દાદાગીરીના સમાચાર પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનીક માધ્યમોમાં આવતા મિલન નામનો કૉન્સ્ટેબલ ઉશ્કેરાઈને સમાચારોમાં મારા નામ પાછળ ભાઈ કેમ ન લગાડ્યું અને મારી મંજૂરી વગર મારો ફોટો ટીવીમાં કેમ બતાવ્યો તેવું કહી પત્રકારોને જોઈ લેવાની ધમકી આપી આ અંગે જેતપુર શહેર તાલુકા પત્રકાર સંઘ દ્વારા જીલ્લા પોલીસ વડા બલરાજ મીણાને રજૂઆત કરતા પોલીસ વડા દ્વારા આવા પોલીસમેનથી જે પોલીસની આબરૂ ખરાબ થાય છે અને આવાને ડાયરેક્ટ પબ્લીક સાથે કૉન્ટેક્ટમાં ન રાખી શકાય તેવું જણાવી ચોવીસ કલાકમાં આ કૉન્સ્ટેબલ વિરૂધ પગલા લઈશ તેવી પત્રકારોને બાંહેધરી આપી અને થોડી જ વારમાં પત્રકારોને પોલીસમાંથી જ જાણવા મળ્યું કે વાડાસડા ગામના યુવાનો પાસેથી બે લાખ રૂપિયા માંગવાના તેમજ પત્રકારો સાથે ગેરવર્તન કરવાના બનાવમાં પોલીસ વડા દ્વારા બંને પોલીસ સહિત પીએસઆઈને વડી કચેરી ખાતે બોલાવવામાં આવ્યા છે અને કૉન્સ્ટેબલ મિલનની હેડ ક્વાર્ટર ખાતે બદલી કરી દેવામાં આવી છે.

આમ પોલીસની ખાખી વર્દી પહેરી હોવા છતા અંડરવર્લ્ડમાં જેમ ભાઈ શબ્દ મશહુર છે તેમ પોતાને ભાઈ કહેવાનો આગ્રહ રાખનાર પત્રકારો સાથે ગેરવર્તન કરનાર કૉન્સ્ટેબલ મયુરની તાત્કાલીક અસરથી હેડ ક્વાર્ટર ખાતે બદલી થતાં ચોથી જાગીરને દબાવવાની કોશીષ નિષ્ફળ નીવડી હતી

ડીઈઓનો શિક્ષકોને આદેશ: 'પોલીસ પાસેથી તમારા સારા ચારિત્રનું સર્ટિફિકેટ લાવો'

અમદાવાદ

અમદાવાદના પ્રાથમિક જિલ્લા શિક્ષણા અધિકારીએ વિચિત્ર આદેશ આપ્યો કે તમામ શિક્ષકોએ પોલીસ પાસેથી સારા ચારિત્રનું સર્ટિફિકેટ લાવીને રજુ કરવાનું અર્થાત્ તમારા પર કોઈ પણ પ્રકારનો પોક્સોનો કેસ નથી. હવે પ્રાથમિક શાળાના શિક્ષકોએ નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ તેની ચાલ-ચલતનું સર્ટિફિકેટ લેવું પડશે. આ આદેશ બાદ શિક્ષક વર્તુળમાં રોષ વાપ્યો છે.

જોકે મોટાભાગના શિક્ષકો પર કોઈ પણ પ્રકારે પોક્સોનો કેસ નથી. પરંતુ ડીઈઓના આદેશ બાદ હવે નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ શિક્ષકો એફિડેવીટ કરાવી તેમને રજુ કરશે. આ ઉપરાંત શિક્ષકેને કોઈ અન્ય કેસમાં દંડ થયો નથી તેનું પ્રમાણપત્ર પણ લાવવું પડશે. આ એફિડેવિટ કરવાવા અંદાજે ૨૦૦ રૂપિયા જેટલો ખર્ચ થશે. આ ખર્ચ શાળા સંચાલકોએ કરવાનો છે આથી સંચાલકો ડીઈઓ સામે અકળાયા છે.

નાગરિક સહકારી બેંકનાં આઈડી-પાસવર્ડ હેક કરી દસ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી મણિનગર સહકારી બેંકનું સ્ટેટિક આઈપી તથા યુઝર્સ અને પાસવર્ડે હેક કરીને દસ લાખ રૂપિયાનું આરટીજીએસ દ્વારા દિલ્હીની એક કંપનીમાં ટ્રાન્સ્ફર કરી દેવાની ઘટના સામે આવી છે. મણિનગર સહકારી બેંકમાં સાયબર એટેક થતાં અન્ય બેંકો માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે. હેકર્સે દસ દસ લાખનાં ત્રણ આરટીજીએસ કર્યા હતા જોકે એક જ આરટીજીએસ સફળ થયું હતું.

ઈસનપુર વિસ્તારમાં આવેલ ઈશ્વરબાગ સોસાયટીમાં રહેતા અને મણિનગર નાગરિક સહકારી બેંક લિમિટેડમાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરતા કનુભાઈ સોલંકીએ દસ લાખ રૂપિયાનાં ચીટિંગની ફરિયાદ મણિનગર પોલીસ સ્ટેશનમાં કરી છે.

મણિનગર સહકારી બેંકનું એકાઉન્ટ એચડીએફસી બેંકમાં છે જેથી તમામ ગ્રાહકોના આરટીજીએસ અને એનઈએફટી વગેરે ઓનલાઈન કામ એચડીએફસી મારફતે થાય છે. મણિનગર સહકારી બેંક એચડીએફસી બેંકની સબ મેમ્બર છે. કનુભાઈને જાણ થઈ હતી કે એચડીએફસી બેંકના એકાઉન્ટમાં દસ લાખ રૂપિયા ઓછા બતાવે છે.

તપાસ કરતાં જાણવા મળ્યું હતું હતું કે દસ દસ લાખનાં ત્રણ આરટીજીએસ ખોટાં થયાં છે. કોઈ અજાણ્યા શખ્સે બેંકનું સ્ટેટિક આઈ.પી. તથા યુઝર્સ અને પાસવર્ડ હેક કર્યો હતો. હેકર્સે દસ દસ લાખના ત્રણ આરટીજીએસ કર્યા હતા. જેમાં એક દસ લાખના આરટીજીએસ સફળ રહ્યું હતું. મણિનગર પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

ભાનુશાળી હત્યા કેસ: 'મીઠી ખારેક'ની સીડીને લઈ એસઆઈટી મૌન

અમદાવાદ

પોલીસને જયંતી ભાનુશાળી હત્યા કેસની તપાસ સીડીકાંડને કારણે સંવેદનશીલ લાગે છે. મીડિયાથી બચવા અને ગુનાનું સ્થળ કચ્છમાં હોવાથી 'ઉપરી'ની સુચનાથી એસઆઈટીએ નાછૂટકે કચ્છમાં ધામા નાંખવા પડ્યાં છે. હત્યામાં ઝડપાયેલા પ્રથમ બે આરોપી નીતિન અને રાહુલ પટેલ સાથે નારાયણી ફાર્મમાં રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. તેમજ ચાર શખ્સોના કોર્ટમાં નિવેદન લેવાયા હતા. માત્ર એટલું જ નહીં, 'મીઠી ખારેક' તરીકે ચર્ચાસ્પદ સીડીકાંડ ઉજાગર ન થાય તે માટે એસઆઈટી અને મદદગાર એજન્સીઓએ મૌન ધારણ કર્યું છે.

પોલીસ સૂત્રો અંદરખાને સ્વીકારે છે કે, છબીલ પટેલ અને જયંતી ભાનુશાળીએ યુવતીઓનો ઉપયોગ કરી સામસામી પોલીસ ફરિયાદો કરાવી તેમાં બન્ને સીડી વિવાદના કળણમાં ફસાતા ગયા. ડીસેમ્બરમાં રાજકીય આગેવાને કરેલા અંતિમ પ્રયાસરૂપ 'સમાધાન બેઠક' નિષ્ફળ રહ્યાં પછી 'મરૂં કે મારૂં'ની સ્થિતિ સર્જાઈ હતી. ભાનુશાળીની હત્યા થઈ અને છબીલ પટેલ મુખ્ય સુત્રધાર તરીકે ઉપસી આવ્યો. પરંતુ મીઠી ખારેક તરીકે ચર્ચાસ્પદ સીડીકાંડથી અનેક લોકોના જીવ ઊંચા થઈ ગયાં છે. તેમજ મદદગારોએ તપાસ દરમિયાન સીડીકાંડમાં રાહત મળે તે માટે મોબાઈલ ફોન, સીપીયુ અને લેપટોપ કબજે કર્યા હોવાની ચર્ચા છે. મનિષા ગોસ્વામી અને મુંબઈની યુવતીને પકડી પૂછપરછ કરાય તો ભાનુશાળી અને છબીલ પટેલ વચ્ચેના લોહીયાળ વિવાદમાં સીડીકાંડ જ હોવાનું સ્પષ્ટ થાય તેવી ચર્ચા પણ છે.

સ્વાઈન ફ્લૂનો કહેર યથાવત: વધુ ૨ દર્દીના મોત, ચાલુ વર્ષે ૮૬ કેસ પોઝિટિવ

કચ્છ

કચ્છમાં સ્વાઈન ફ્લૂનો કહેર યથાવત છે. સ્વાઈન ફ્લૂના કારણે વધુ બે દર્દીના મોત નિપજ્યાં છે. કચ્છમાં ખાનગી હોસ્પિટલમાં ૪૭ વર્ષીય મહિલા અને ૬૭ વર્ષના વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. તો એક જ દિવસમાં ૨ દર્દીના મોત નિપજ્યા છે. ચાલુ વર્ષે કચ્છમાં ૮૬ કેસ પોઝિટિવ નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, સ્વાઈન ફ્લૂ હવે સીઝનલ ફ્લૂ બની ગયો છે. જેથી ગુજરાતમાં માત્ર ઠંડીમાં જ નહીં પણ ગરમી અને વરસાદની સીઝનમાં પણ રોગ જોવા મળે છે. સરકારી આરોગ્ય વિભાગ આ રોગને ડામવા માટે કોઈ નક્કર કામગીરી ન કરવાથી જાન્યુઆરીમાં અમદાવાદ શહેરમાં બે લોકોના સ્વાઈન ફ્લૂથી મોત નિપજ્યા હતા.

આપને જણાવી દઈએ કે, છેલ્લા બે વર્ષમાં સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૨૦૧૮ના સપ્ટેમ્બર માસમાં સ્વાઈન ફ્લૂના ૩૨૨ કેસ નોંધાયા હતા. જેમાં ૨૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ જ રીતે ૨૦૧૭ના સપ્ટેમ્બર માસમાં ૭૫૬ કેસ નોંધાયા હતા.

જેમાં ૪૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૧૮ના ઓક્ટોબર માસમાં સ્વાઈન ફ્લૂના ૩૬૬ કેસ નોંધાયા હતા. જેમાં ૨ લોકોના મોત થયા છે. ૨૦૧૭ની વાત કરીએ તો સૌથી વધુ સ્વાઈન ફ્લૂના ઓગસ્ટ મહિનામાં કેસ નોંધાયા હતા. ઓગસ્ટ મહિનામાં ૧૭૧૧ કેસ નોંધાયા હતા જેમાં ૭૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ગુજરાતમાં અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂ રોગના સૌથી વધુ કેસ ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં નોંધાયા છે. ૨૦૧૭માં ૨૬૪૭ કેસ નોંધાયા હતા તેમાં ૧૫૦ લોકોના મોત થયા હતા. ૨૦૧૮માં ૭૭૭ કેસ નોંધાયા હતા તેમાં ૨૯ લોકોના મોત થયા છે.

ગઠબંધનની સરકાર બની તો ૬ દિવસ અલગ-અલગ વડાપ્રધાન હશેઃ અમિત શાહ

કાનપુર

લોકસભા ચૂંટણીમાં એકવાર ફરીથી ૨૦૧૪ના પરિણામનું પુનરાવર્તન કરવા માટે ભાજપે કમર કસી લીધી છે. બુધવારે કાનપુરમાં ભાજપ અધ્યક્ષ અમિત શાહે ભાજપના કાર્યકર્તાઓને સંબોધિત કરતાં સપા-બસપા ગઠબંધન પર જોરદાર હુમલો કર્યો અને તેને ભ્રષ્ટાચાર અને અપરાધનું ગઠબંધન કરાર કર્યું. સાથોસાથ કહ્યું કે ભાજપ અને મોદીજીની વધતી લોકપ્રિયતાને રોકવા માટે ગઠબંધન બન્યું છે.

કાનપુરમાં રેલી દરમિયાન અમિત શાહ ગઠબંધન પર કટાક્ષ કરતાં કહ્યું, 'જો ગઠબંધનની સરકાર સત્તામાં આવશે તો બહેનજી (માયાવતી) સોમવારે પીએમ હશે, મંગળવારે અખિલેશજી, મમતા દીદી બુધવારે, શરદ પવારજી ગુરુવાર, દેવેગૌડાજી શુક્રવારે, સ્ટાલીન શનિવારે અને રવિવારે આખો દેશ રજા પર જતો રહેશે. શાહે વધુમાં કહ્યું કે, મોદીજી અને યોગીજીની જોડી ઉત્તર પ્રદેશને વિકાસ મામલે ઘણો આગળ લઈ જશે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, ઉત્તર પ્રદેશના કાર્યકર્તાઓની તાકાત અને ઉત્સાહને હું સારી રીતે જાણું છું. આ કાર્યકર્તા ભારત માતાના જયકારા સાથે ગઠબંધન કરનારાઓને નીચે લાવવાન માટે તૈયાર બેઠા છે.

અમિત શાહે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીની વધતી લોકપ્રિયતા અને મોદીજીની વધી રહેલા રાજકીય પ્રચાર-પ્રસારને રોકવા માટે ગઠબંધન બનાવવામાં આવી રહ્યું છે. આ જે ગઠબંધન ભાજપની વિરુદ્ધ થયું છે, તે ગઠબંધન અપરાધ, ભ્રષ્ટાચાર અને સ્વાર્થી રાજકારણનું ગઠબંધન છે.

કોઈને નુકસાન ન થાય તે રીતે અનામત લાગુ કરવામાં આવીઃ મોદી

સુરત પ્રવાસે આવેલા વડાપ્રધાન મોદીએ વિનસ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું. અહીં તેઓએ સંબોધન દરમિયાન મોદીએ સવર્ણ અનામત અંગે વાત કરી હતી, જેમાં તેઓએ કહ્યું કે અમે બહુ હિમ્મત કરી અમે ભારતના સંવિધાનમાં પરિવર્તન કર્યું છે. સાથે તેઓએ હેલ્થ સેક્ટરમાં ગુજરાતના વિકાસ અંગે વાત કરી યોજાનાઓના લાભ ગણાવ્યા હતા. વિનસ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યા બાદ વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું હતું. જેમાં તેઓએ ગુજરાતમાં થઈ રહેલા હેલ્થ સેક્ટરના વિકાસ અંગે વાત કરી. તેઓએ કહ્યું કે હેલ્થ સેક્ટરમાં પ્રાઈવેટ ઈન્વેસ્ટ વધશે. આ સિવાય તેઓએ કહ્યું કે અમે મેડિકલ સીટોમાં વધારો કર્યો છે, સાથે જ સવર્ણ અનામત બિલ પાસ કર્યું જેનાથી વધુ વિદ્યાર્થીઓને લાભ મળે. પીએમ મોદીએ કહ્યું કે આદિવાસી વિસ્તારમાં અગાઉ એકપણ મેડિકલ કોલેજ ન હતી. પરંતુ હું મુખ્યમંત્રી બન્યો પછી અહીં મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી. વધુમાં મોદીએ જણાવ્યું કે આયુષ્માન યોજનાએ ખૂબ જ ટૂંકા ગાળામાં કરોડો લોકોને ફાયદો પહોંચાડ્યો છે. જે ખરા અર્થમાં એક ઉપલબ્ધિ છે.

રાજકીય પક્ષોએ નેતાઓને ઉમેદવારી ફોર્મ સાથે રકમ જમા કરાવવા જણાવ્યું

AIADMK, પંજાબ કોંગ્રેસની ઓફર, રૂ. ૨૫,૦૦૦ આપો અને લોકસભા ટિકિટ મેળવો

ન્યુ દિલ્હી

પંજાબ કોંગ્રેસની જેમ હવે દક્ષિણના ઓલ ઈન્ડિયા અન્ના દ્રમુક મુનેત્ર કઝગમ (AIADMK)એ પણ લોકસભા ચૂંટણી લડવા ઈચ્છતા પક્ષના નેતાઓને એક ઓફર કરી છે જેમાં રૂ. ૨૫૦૦૦ આપીને લોકસભાની ટિકિટ મેળવવા માટે જણાવ્યું છે. રાજકીય પક્ષોએ નેતાઓને તેમના ઉમેદવારી ફોર્મ સાથે રકમ જમા કરાવવા જણાવ્યું છે.

એઆઈએડીએમકેના ગઢ ગણાતા તમિલનાડુ અને પુડુચેરીમાં લોકસભા ટિકિટ મેળવવા ઈચ્છતા નેતાઓને આ ફી ભરવી પડશે તેમ પક્ષે જણાવ્યું હતું. સમાચાર એજન્સીના મતે એઆઈએડીએમકેએ કરેલી જાહેરાતમાં લોકસભા ચૂંટણી લડવા માંગતા નેતાઓને ૪થી ૧૦ ફેબ્રુઆરી વચ્ચે ફોર્મ ભરીને તેની સાથે નિયત કરેલી ફીની રકમ આપવા જણાવ્યું છે. અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ ટિકિટ વાંછુઓને આ પ્રકારની ફી ભરવા એઆઈએડીએમકેએ જણાવ્યું હતું.

દરમિયાન પંજાબ પ્રદેશ કોંગ્રેસે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે દાવેદારોને ૨૫,૦૦૦ ફી ભરવા જણાવ્યું છે. પંજાબમાં લોકસભાની ૧૩ બેઠકો છે જે પૈકી ચાર બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત હોય છે. અનામત બેઠકો માટે ફીની રકમ ૨૦,૦૦૦ રાખવામાં આવી છે.

સામાન્ય ચૂંટણી પહેલા રોકડની અછતનો સામનો કરી રહેલા પ્રદેશ એકમને ફંડ મેળવવામાં સરળતા રહે તે માટે આ વિકલ્પ અપનાવાયો છે. પંજાબ કોંગ્રેસ દ્વારા ચંદીગઢ પ્રદેશ કોંગ્રેસને પણ આ જ વિકલ્પ અપનાવવા જણાવાયું છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના મહાસચિવ અને પંજાબ-ચંદીગઢના પ્રભારી આશા કુમારી દ્વારા આ સુચના આપવામાં આવી હતી.

પંજાબના મંત્રી અને ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુના પત્ની નવજોર કૌર સિદ્ધુ તેમજ લુધિયાનાના પૂર્વ સાંસદ મનિષ તિવારી ચંદીગઢ બેઠક માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. ઉમેદવારી માટે ગળાકાપ સ્પર્ધા જોવા મળી રહી છે. સિદ્ધુ તેમજ તિવારી બન્નેને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રદીપ છાબરાએ રૂ. ૨૫,૦૦૦ ફી પેટે ભરવા જણાવ્યું હતું.

નોર્વેઃ સમુદ્રની અંદર ૨૦૫ કિમી લાંબી તરતી સુરંગ બનાવશે

ઓસ્લો

વિજ્ઞાન અને ટેકનીકની મદદથી લોકો ચાંદ સુધી પહોંચી ચૂક્યા છે, સમુદ્રમાં ઘર બનાવી રહ્યા છે, એવામાં હવે તે દિવસ પણ દૂર નથી કે લોકો સમુદ્રની અંદર ઝડપે ગાડી ચલાવી સકશે. આ દિશામાં નાર્વે જલ્દીથી સમુદ્રની અંદર તરતી સુરંગનું નિર્માણ કરવા જઈ રહ્યો છે. પરિયોજના પર કામ કરનારી સરકારી સંસ્થા નોર્વેજિયન પબ્લિક રોડ્સ એડમિનિસ્ટ્રેશનનો લક્ષ્યાંક ૨૦૫૦ સુધી તેનું નિર્માણ પુરું કરવાનો છે. જો આ સુરંગ તૈયાર થઈ જશે તો સાચે એક અજાયબીથી પણ ઓછી નહીં હોય.

સિમેન્ટથી તૈયાર થનાર આ સુરંગમાં બે લેન બનાવવામાં આવશે. ૧૦૦ ફૂટની ઉંડાઈમાં સ્થાપિત થનાર આ સુરંગ ૨૦૫ કિલોમીટર લાંબો હશે. સુરંગને નિયંત્રિત કરવા માટે પાણીની સપાટી પર પીપળાના પુલ તૈયાર કરવામાં આવશે. આ પુલોની વચ્ચે પર્યાપ્ત અંતર હશે જેથી સમુદ્રી જહાજો તેના વચ્ચેથી પસાર થઈ શકે. આ સુરંગ એટલી મજબૂત હશે કે તેના પર કોઈ પણ પ્રકારની હવામાનની અસર થશે નહીં. તેના નિર્માણમાં ચાલીસ અરબ ડોલરનો ખર્ચ થશે.

નાર્વેજો આ પરિયોજનામાં સફળ થઈ જશે તો તે વિશ્વની પહેલી એવી સુરંગ બનાવનાર દેશ બની જશે. ચીન, દક્ષિણ કોરિયા, ઈટલી અને ઈન્ડોનેશિયા પણ આ પરિયોજના પર કામ કરી રહ્યા છે.

પશ્ચિમ નાર્વેમાં સ્થિત ક્રિસ્ટિયાનસેંડ અને ટ્રોનહેમ નામના બે શહેરોની વચ્ચે યાત્રા ઈ ૩૯ માર્ગનો ભાગ છે, જે નોર્વ માટે એક મહત્વપૂર્ણ માર્ગ છે. સુરંગ બનાવવાનો હેતુ આ બન્ને શહેરોને જોડવાનો છે. આ બન્ને શહેરોનું અંતર લગભગ ૧૧૦૦ કિલોમીટર છે, જેને કાપવામાં ૨૧ કલાક લાગે છે. પરંતુ આ સુરંગ તૈયાર થયા બાદ બન્ને શહેરોનું અંતર માત્ર થોડાક જ કલાક રહી જશે. દરિયાની સપાટી પર તરતી આ સુરંગનું નિર્માણ કરવાનો પ્લાન કોઈ નવો નથી. ૧૮૮૨માં બ્રિટિશ નૈસૈનિક આર્કિટેક્ટ એડવર્ડ રીડે પણ આવી જ સુરંગ બનાવવાનો પ્રસ્તાવ રાખ્યો હતો.

નાસાનું અંતરિક્ષયાન એપ્રિલમાં સૂર્યની નજીક પહોંચશે

વૉશિંગ્ટન

લોન્ચના માત્ર ૧૬૧ દિવસો બાદ અમેરિકી અંતરિક્ષયાન પાર્કર સોલર પ્રોબના સૂર્યના ખંડનું પ્રથમ ચક્કર પૂર્ણ કરી લીધું છે. હવે તેને પ્રસ્તાવિત ૨૪ ખંડોમાં પોતાની યાત્રાનો બીજું ચક્કર શરૂ કરી દીધું છે, તે દરમિયાન તે સૂર્યની નજીક પહોંચી ગયું છે. અંતરિક્ષયાન પોતાના બીજા ચક્કરમાં એપ્રિલમાં સૂર્યથી ૧૫ લાખ માઈલ નજીક પહોંચી જશે. જે વર્ષ ૧૯૭૬માં અંતિરક્ષયાન હેલિઓસ-૨ના સૂર્યથી ૨૭ લાખ મઈલ નજીકથી લગભગ ઓછું હશે.

આ અંગે નાસાએ કહ્યું કે, ૧૨ ઓગસ્ટે તેના આકારનું અંતરિક્ષયાન સૂર્યથી ૩૮ લાખ માઈલ દૂર સુધી યાત્રા કરશે. ૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ સૂર્યની સૌથી નજીક પહોંચી જશે. પોતાનો અભિયાન સમય અંતરિક્ષયાન સૂર્યના કુલ ૨૪ ચક્કરો લગાવશે. જોન હોપકિંગ યૂનિવર્સિટીના અપ્લાઈટ ફિજિક્સ લેબોરેટરીના પરિયોજના સંચાલક એન્ટ્રી ડ્રાઅસમેનએ કહ્યું કે, અંતરિક્ષયાનના પ્રથમ ખંડની યાત્ર શાનદાર રહી હતી. તે દરમિયાન અમે અંતરિક્ષયાનની કાર્યશૈલી વિશે શિખ્યું હતું. અમને જાણવા મળ્યું કે, યાન સૌર પર્યાવરણમાં કેવો વ્યવહાર કરે છે.

અંતરિક્ષયાને ૧ જાન્યુઆરીથી પૂર્ણ રીતે કામ કરવાનું શરૂ કરી દીધું હતું. જેની નક્કી કરેલી ડિઝાઈન અનુસાર કામ કરવાનું શરૂ કરી દીધું છે. અંતરિક્ષયાન પોતાના નેટવર્કી માધ્યમથી ધરતી પર આંકડાઓ મોકલી રહ્યું છે. હાલ સુધી વિજ્ઞાનથી જોડાયા ૧૭ ગીગાબાઈટના આંકડાઓ ડાઉનલોડ કરવામાં આવ્યાં છે.

બજેટમાં રેલ્વેને રૂ.૭૫ હજાર કરોડની ફાળવણી થાય તેવી સંભાવના

ન્યુ દિલ્હી

ચૂંટણીના વર્ષમાં કેન્દ્ર સરકાર આ વખતે વચગાળાનું બજેટ આપવા જઈ રહી છે અને ખાસ કરીને રેલવેને વધુ ફાળવણી કરશે. જનતાને વધુ સુવિધા અને ટ્રેનોને સુરક્ષાના ટ્રેક પર ચલાવવા માટે રેલવેને ૭૦થી ૭૫ હજાર કરોડ રૂપિયાની બજેટિય ફાળવણી થવાની શકયતા છે. આ જંગી રકમથી સ્ટેશનો અને ટ્રેનોમાં સીસીટીવી કેમેરા, વાઈફાઈ, રેલવે લાઈનોના ૧૦૦ ટકા વિદ્યુતિકરણ તેમજ આધૂનિક સિગ્નલ સીસ્ટમ લગાવવામાં આવશે. રેલવેના જાણકાર વતુર્ળોએ કહ્યું છે કે, આ વખતે વચગાળાના બજેટમાં રેલવેને સૌથી વધુ સહાયતા મળવાની છે. નાણા મંત્રાલય સમક્ષ વધુ ફાળવણીની માગણી થઈ ચૂકી છે. પાછલા વર્ષે રેલવેને રૂા.૫૫ હજાર કરોડની અંદાજ પત્રિય સહાયતા કરવામાં આવી હતી પરંતુ આ વખતે ૭૦થી ૭૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી થવાની સંભાવના છે. આ ઉપરાંત સાતમા વેતનપંચની ભલામણોને લાગુ કરવાના કારણે વેતન અને પેન્શનમાં રેલવે પર વધારાનો નાણાકિય બોજ પડયો છે અને તે કારણે એપ્રિલ-૨૦૧૮થી સિપ્ટેમ્બર-૨૦૧૮ વચ્ચે રેલવેનો ઓપરેટિંગ રેશિયો ૧૦૦થી ૧૧૮ ટકા રહ્યો છે એટલે કે કમાણીથી વધુ ખર્ચ થઈ ગયો છે અને તેને કારણે રેલવેની નાણાકીય સ્થિતિ ડામાડોળ છે. ૨૦૧૭-૧૮માં એક લાખ કરોડ રૂપિયા રાષ્ટ્રીય રેલ સંરક્ષણ ફંડની રકમથી બ્રોડગેજ પર ચાર હજારથી વધુ માનવરહિત ક્રોસિંગ સમાપ્ત થયા છે.

ભાજપ હિન્દુ રાષ્ટ્રવાદ ઉપર ભાર મૂકશે તો સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળશે તેવો દાવો

લોકસભા ચૂંટણી પહેલા ભારતમાં સાંપ્રદાયિક હિંસા ભડકી શકેઃ અમેરિકી રિપોર્ટ

વૉશિંગ્ટન

અમેરિકન ઈન્ટેલિજન્સના પ્રમુખનું કહેવું છે કે આગામી લોકસભા ચૂંટણી પહેલા ભારતમાં સાંપ્રદાયિક હિંસા ભડકી શકે છે. તેઓએ અમેરિકન સંસદમાં પોતાના એક રિપોર્ટ રજૂ કર્યો જેમાં આ કહેવામાં આવ્યું છે. અમેરિકન ઈન્ટેલિજન્સ પ્રમુખ ડાન કોટ્સે અમેરિકન સંસદમાં કહ્યું કે, ભારતમાં સંસદીય ચૂંટણી પહેલા જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાર્ટી ભાજપ હિન્દુ-રાષ્ટ્રવાદ પર વધુ ભાર મૂકશે તો ભારતમાં સાંપ્રદાયિક હિંસા ભડકવાની મજબૂત શક્યતા છે.

કોટ્સે અમેરિકન સેનેટ સિલેક્ટ કમિટી ઓન ઈન્ટેલિજન્સમાં વૈશ્વિક ખતરાઓ પર આંકલન રજૂ કર્યું. તેઓએ કહ્યું કે, મોદીના કાર્યકાળમાં ભાજપની નીતિઓના કારણે અનેક ભાજપ શાસિત રાજ્યોમાં સાંપ્રદાયિક તણાવ ઊભો થઈ શકે છે. રાજ્યોના નેતા પાર્ટીના હિન્દુ રાષ્ટ્રવાદી અભિયાનને નાની-મોટી હિંસા ભડકાવવાના સિગ્નલ તરીકે જોઈ શકે છે જેથી તેનાથી સમર્થન મળી શકે. કોટ્સે આગળ કહ્યું કે, વધતી સાંપ્રદાયિક હુમલાઓને કારણે ભારતીય મુસ્લિમ પોતાને એકલો-અટૂલો અનુભવી કરી રહ્યો છે અને તેનાથી ભારતમાં ઈસ્લામિક આતંકી સમૂહોને પોતાના મૂળીયા મજબૂત કરવાની તક મળી શકે છે. મોદી સરકારનો પાંચ વર્ષનો કાર્યકાળ મે મહિનામાં પૂરો થઈ રહ્યો છે. કોટ્સે પોતાના સ્ટેટમેન્ટમાં એમ પણ કહ્યું કે મે સુધી ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં તણાવ હજુ વધી શકે છે. પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સમૂહ ભારત અને અફઘાનિસ્તાન બંને જગ્યાએ આતંકવાદી હુમલા કરવાનું ચાલુ રાખશે. અમેરિકાના ઈન્ટેલિજન્સ ચીફ ડેન કોટ્સે આ વાત જણાવી છે.









તંત્રી સ્થાનેથી...

દેખાવવા પુરતા આંસુ

દેશમાં રાજનેતા મત મેળવી લેવા માટે કોઈ પણ હદ સુધી પહોંચી જાય છે. તેમને કોર્ટ કે બંધારણની પણ ચિંતા હોતી નથી. જ્યાં પણ લાભ મળે ત્યાં રાજનેતાઓ પહોંચી જાય છે. લોકસભાની ચૂંટણી નજીક પહોંચી છે ત્યારે રાજનેતાઓ મતબેંકને મજબુત કરવા માટેના કાવાદાવામાં લાગી ગયા છે. હાલમાં આ અંગેના કેટલાક પુરાવા પણ મળી ગયા છે. એસસી -એસટી કાનુનમાં ફેરફારને લઈને અને કાવેરી જળ વિવાદને લઈને રાજકીય પક્ષોએ જોરદાર દલીલબાજી કરી છે. હાલમાં એસસી અને એસટી કાનુનમાં સુધારાની સામે એસસી અને એસટી સમુદાયના લોકો ભારત બંધ રાખીને હિંસા પર ઉતરી આવ્યા હતા. આ સમુદાયના લોકોએ હિંસા પર ઉતરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને બગાડી નાંખી હતી. સરકારથી લઈને રાજકીય પક્ષો પણ ચોંકી ઉઠ્યા હતા. દેશની સર્વોચ્ચ અદાલતના ચુકાદાની સામે આયોજિત બંધમાં જોરદાર હિંસા, તોડફોડ અને આગની ઘટના બની હતી. કોંગ્રેસ સહિત કેટલાક રાજકીય પક્ષોના નેતાઓ તો ભારત બંધના સમર્થકોની સાથે આવીને મેદાનમાં પણ ઉતરી ગયા હતા. દલિત વોટની લાલચ તેમને દેખાવ અને હિંસામાં સામેલ થવા માટે ખેંચી ગઈ હતી. જો આવી સ્થિતી હતી તો સત્તામાં રહેલા ભાજપના લોકો કઈ રીતે પાછળ રહી શકે છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ ૧૨ દિવસ સુધી શાંત બેઠી રહેલી એનડીએ સરકારને ચુકાદામાં અભ્યાસ કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં ફેરવિચારણા અરજી દાખલ કરી દીધી હતી. સાથે સાથે ચુકાદા પર સ્ટેની માંગ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે સ્ટેનો સાફ ઈન્કાર કરીને કેન્દ્ર સરકારની દલીલને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તેના દ્વારા કાયદાની જોગવાઈમાં કોઈ ચેડા કરવામાં આવ્યા નથી. કોર્ટ ઈચ્છે છે કે આ કાયદાનો દુરુપયોગ કરવામાં ન આવે. સાથે સાથે કોઈ નિર્દોષ વ્યક્તિને પણ સજા કરવામાં ન આવે. સાથે સાથે જે દોષિત છે તેમની સામે નક્કર કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. કાવેરી જળ વિવાદનો પણ છે. કાવેરી પ્રબંધન બોર્ડની રચના કરવાની માંગને લઈને હાલના દિવસોમાં તમિળનાડુમાં વ્યાપક હિંસા થઈ ચુકી છે. કોઈમ્બતુરમાં બે લોકો આત્મહત્યા કરવાના પ્રયાસ કરી ચુક્યા છે. મુખ્ય વિરોધ પુક્ષ ડીએમકે દ્વારા ધરણા પ્રદર્શન કરવાની ચેતવણી પણ જારી કરી છે. મુદ્દો રાજ્યના હિત સાથે જોડાયેલો છે. એટલે કે અહીં પણ મામલો વોટ સાથે સંબંધિત છે. આવી સ્થિતીમાં સત્તારૂઢ પાર્ટી કઈ રીતે પાછળ રહી શકે છે. વિપક્ષ આંદોલનના લાભ ન લઈ લે તે માટેની કવાયત ચાલી રહી છે. જેથી રાજ્યના મુખ્યપ્રધાન અને નાયબ મુખ્યપ્રધાન પણ ઉપવાસ પર બેસી ગયા હતા. રાજકીય નેતાઓને હવે કોર્ટની કોઈ ચિંતા નથી. સાથે સાથે તેમને બંધારણીય હોદ્દાની પણ કોઈ ચિંતા સતાવી રહી નથી. મહત્વપૂર્ણ બાબત દેખાવવાના કોણ કેટલા આંસુ સારી શકે છે તે બાબતનુ રહ્યુ છે. રાજનેતાઓને હવે કોર્ટ કે બંધારણીય હોદ્દાના મહત્વની પણ કોઈ ચિંતા રહેલી નથી.

રાજનેતાઓને હવે કોર્ટ તેમજ બંધારણીય હોદ્દાના મહત્વની પણ કોઈ ચિંતા રહી નથી

ઉબેર આકરપા પાણીએઃ ડ્રાઈવર સાથે ગેરવર્તણૂક કરી તો કરી દેશે બ્લોક



ન્યુ દિલ્હી

કેબ ડ્રાઈવરની ગેરવર્તણૂક અને તેમના પર કાર્યવાહીના સમાચારો તો આપણે સામાન્ય રીતે વાંચતા હોઈએ છીએ પરંતુ ડ્રાઈવરની ફરિયાદ પર એક્શન લેવાતું નથી. પરંતુ હવે આ સ્થિતી પણ બદલાશે. ઉબર એવા રાઈડર્સને એલર્ટ કરી રહ્યું છે કે જેઓ વારંવાર ઉબર ડ્રાઈવર સાથે દુર્વ્યવહાર કરે છે. જે રાઈડરના વ્યવહારમાં કોઈ સુધાર નહી આવે તેને ઉબર બ્લોક પણ કરી દેશે.

એવા યૂઝર્સ ઉબર એપ્લિકેશનનો ઉપયોગ નહી કરી શકે. આ મામલે ઉબર ઈન્ડિયા અને સાઉથ એશિયાના હેડ ઓફ સિટીઝ પ્રભજીત સિંહે કહ્યું કે સન્માન બંન્ને બાજુથી હોવું જોઈએ. અત્યાર સુધી અમે યૂઝર્સના રેટિંગ પર એક્શન લેતા હતા. હવે ડ્રાઈવર્સ જે રેટિંગ રાઈડર્સને આપે છે તેના પર પણ ધ્યાન આપવામાં આવશે.

આ સીવાય ડ્રાઈવરો માટે ડ્રાઈવર સેફ્ટી ટૂલ કિટ પણ લોન્ચ કરવામાં આવશે. આના શેર યૂઅર ટ્રિપ ફીચરથી ઉબર ડ્રાઈવર ટ્રિપ દરમિયાન પોતાનું લોકેશન ફેમિલી સાથે શેર કરી શકશે. આ એપ્લિકેશન ઈમરજન્સી બટન દબાવીને રાઈડર્સની જેમ જ હવે ડ્રાઈવર પણ મદદ લઈ શકશે. આમાં સ્પીડ લિમિટનું ફીચર પણ જોડવામાં આવશે.

લોકસભા ચૂંટણી : યુવા વર્ગને વિશ્વાસમાં રાખવા માટેનો પડકાર

નરેન્દ્ર મોદીને લઈને અસંતોષ વધ્યો છે



ખેડુત અને દલિત સમુદાયના લોકો પણ કેટલાક પાસાના કારણે નાખુશ છે : ચૂંટણી પહેલા ખુબ મહેનત કરવાની જરૂરીયાત દેખાઈ રહી છે

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને પણ તમામ વર્ગના લોકોમાં કેટલાક અંશે નારાજગી વધી છે અને અસંતોષ પણ છે. આના માટે વિવિધ કારણ છે. મોદી સરકાર દ્વારા જનકલ્યાણ માટે ચોક્કસપણે અનેક ઉપયોગી નિર્ણય કરવામાં આવ્યા છે છતાં લોકોમાં નારાજગી છે. આના માટે કોઈ એક કારણ નથી. અનેક કારણ જવાબદાર છે. કેટલાક સાહસી પગલાની પણ અસર સામાન્ય લોકો પર થઈ છે. જેમાં નોટબંધી, જીએસટીનો પણ સમાવેશ થાય છે. કેટલાક કોર્ટ નિર્ણયની પણ સામાન્ય લોકો પર અસર થઈ છે. જેમાં રામ મંદિરને લઈને સુપ્રીમ કોર્ટમાં વારંવાર સુનાવણી ટળી જવાની બાબત પણ સામેલ છે. મોંઘવારી અને બેરોજગારી પણ નારાજગી માટેના કારણોમાં સામેલ છે. કોર્ટ દ્વારા હાલમાં આપવામાં આવેલા ચુકાદાની સામે ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસા દેશના જુદા જુદા ભાગોમાં ફેલાઈ ગઈ હતી. આ હિંસામાં ૧૨થી વધુના મોત થઈ ગયા હતા. સેંકેડો લોકો ઘાયલ થયા હતા. ભારત બંધના કારણે કરોડો લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લાખો લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ ગયા હતા. ભારત બંધ દરમિયાન થયેલી હિંસાની પાછળ કદાચ દલિત સમુદાયની નારાજગી પણ રહી હતી. સ્વતંત્રતાના ૭૦ વર્ષથી વધારેનો સમય થઈ ગયો છે છતાં આજે પણ દલિતો અને પછાત જાતિના લોકો તમામ પ્રકારની સુવિધાથી વંચિત રહ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ આની સામે ભારત બંધ કરવામાં આવ્યા બાદ કમનસીબ રીતે હિંસા ભડકી ઉઠી હતી. આની નોંધ લઈને કેન્દ્ર સરકારે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ સાથે સંબંધિત સુપ્રીમ કોર્ટના આદેશની સામે સમીક્ષા અરજી દાખલ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ અરજી પર તરત સુનાવણીની જરૂરિયાત અનુભવ કરી ન હતી. જાણકાર લોકો કહે છે કે સરકારે તેમની અસુરક્ષાને ધ્યાનમાં લઈને ત્યારે જ તેમની સાથે વાતચીત શરૂ કરી હોત તો કદાચ ભારત બંધ રાખવાની સ્થિતી ન સર્જાઈ હોત. હકીકતમાં મોદી સરકાર અને સમાજના વંચિત અને દલિત વર્ગ વચ્ચે હાલના સમયમાં એક અવિશ્વાસની ભાવના જાગી ગઈ છે. દલિતોના સવાલ પર સત્તારૂઢ પાર્ટી અને તેમના સાથી પક્ષોના વલણથી પણ સ્થિતી વધારે બગડી ગઈ છે.સૌથી પહેલા રોહિત વેમુલા પ્રકરણમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવનો મામલો ઉઠ્યો હતો. જેના કારણે દેશમાં નારાજગી ફેલાઈ હતી. સરકારને પણ કેટલાક ખુલાસા કરવા પડ્યા હતા. આ મુદ્દા પર કેટલાક કેન્દ્રિય પ્રધાનો અને શિક્ષણ સંસ્થાઓના ટોપના અધિકારીઓનુ વલણ નબળા વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભુતિ દર્શાવવાના બદલે તેમને બોધપાઠ ભણાવવા માટેનુ રહ્યુ હતુ. ત્યારબાદ ગાયની હત્યા કરવા અને તેની તસ્કરી કરવાના આરોપ મુકીને દલિતોને માર મારવાનો મામલો શરૂ થયો હતો. જે ગુજરાતમાં તમામ હદ વટાવી જતા દેશમાં આની અસર અને ગુંજ જોવા મળી હતી. આ વિષય પર દલિત સમુદાયના લોકો દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો ત્યારે સત્તારૂઢ પાર્ટીનુ વલણ આદર્શ રહ્યુ ન હતુ. આવી રીતે દેશભરમાં દલિતોની વચ્ચે એવો સંદેશો પહોંચી ગયો હતો કે વર્તમાન મોદી સરકારને તેમના હિતોમાં કોઈ રસ નથી. તેની કોઈ ચિંતા પણ નથી. એટલુ જ નહીં બલ્કે એવી ધારણા પણ બની કે સરકાર દલિતો પર અત્યાચાર કરનાર તત્વોને સંરક્ષણ પણ આપી રહી છે. આવા માહોલમાં એસસી અને એસટી એક્ટ પર અમલીકરણને લઈને જે રૂપરેખા નક્કી કરવામાં આવી હતી તેના કારણે દલિત સમુદાયમાં નારાજગી ફરી એકવાર ભડકી ઉઠી હતી. હકીકતમાં આ કાનુનને દલિત અને આદિવાસી વર્ગ પોતાની એક તાકાત તરીકે નિહાળતુ આવ્યુ છે. જે તેને લાંબા સંઘર્ષ બાદ તાકાત મળી હતી. આમાં દશકોથી ચાલતા તેમના શોષણ પર રોકની વાત પણ હતી. આનો ઉપયોગ ભલે ખુબ નહીંવત પ્રમાણમાં હતો પરંતુ તેની જોગવાઈની ઉપસ્થિતી તેમના માટે એક છત્ર તરીકે કામ કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે દુરુપયોગની શંકામાં આને બિન અસરકારક બનાવી દેતા તેની સામે નારાજગી જોવા મળી હતી.

સુપ્રીમ કોર્ટ હવે ફેરવિચારણા અરજી પર કેવુ વલણ અપનાવે છે તે બાબત ઉપયોગી રહેશે. જો કે હાલમાં તો જરૂરી છે કે કેન્દ્ર સરકાર દલિતો અને આદિવાસી સમુદાયના લોકોમાં આત્મવિશ્વાસ જગાવે. સાથે સાથે એવી ખાતરી પણ આપે કે પોલીસ અને દબંગ લોકોના હાથે તેમને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો કરવો પડશે નહી. તેમના અધિકારોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. વિશ્વાસ ફરી એકવાર કાયમ થાય તે જરૂરી બાબત છે.

ફાંસી આપવી છે તો પોતાના અંદરના કૃત્યોને આપો કારણ કે....

અપરાધનો ગ્રાફ સતત વધી રહ્યો છે



અપરાધને રોકવા માટે સમાજમાં જાગૃતિની પણ તાકીદની જરૂર છે : અપરાધીને દાખલારૂપ અને ઝડપી સજા કરીને પણ આગળ વધી શકાશે

તાજેતરના સમયમાં દેશમાં રેપ સહિતના કમકમાટીભર્યા બનાવો સતત વધી રહ્યા છે. દરરોજ કોઈને કોઈ બળાત્કાર, હત્યા અને અન્ય અપરાધના બનાવો અમારી સામે આવતા રહે છે. વારંવાર વિરોધ પ્રદર્શન થાય છે પરંતુ અપરાધ થતા રહે છે. કોઈ બનાવ બનતાની સાથે જ લોકો વિરોધ પ્રદર્શન કરવા મેદાનમાં આવી જાય છે. એકત્રિત થયેલા લોકોમાં નારાજગી હોય છે અને ગુસ્સો હોય છે. આ લોકો ફાંસી આપો ફાંસી આપોના નારા લગાવતા નજરે પડે છે. પરંતુ કોને ફાંસી આપો બળાત્કારીને કે પછી અન્ય અપરાધીને . મધ્યપ્રદેશના મંદસૌરમાં આઠ વર્ષની માસુમ બાળકી પર હાલમાં જે કૃત્ય થયુ છે તેનાથી શરમજનક સ્થિતી સર્જાઈ ગઈ હતી. આઠ વર્ષીય બાળકીની સ્કુલમાંથી રજા થઈ ગઈ હતી. તમામ બાળકો ઘરે જતા રહ્યા હતા. આ બાળકી અટવાઈ ગઈ હતી. કારણ કે ઘરેથી કોઈ લેવા માટે આવ્યુ ન હતુ. જ્યારે કોઈ લેવા માટે પહોંચ્યા ત્યારે બાળકીને કોઈ અન્યો જ લઈને જતા રહ્યા હતા. ઘરના લોકો પરેશાન હાલતમાં પોલીસ પાસે પહોંચી ગયા હતા. પોલીસે આ બોલાવ્યા વગર આવેલી આફતને ટાળવા માટેના બનતા તમામ પ્રયાસો કર્યા હતા. પરંતુ જ્યારે આને ટાળવામાં નિષ્ફળ રહ્યા ત્યારે બાળકીની લાપતા થયા અંગે ફરિયાદ દાખલ કરી હતી. જ્યારે તે બાળકી કોઈ સુમસાન રસ્તા પર મળી ત્યારે તમામ લોકોએ કહ્યુ કે તે દિલ્હીની નિર્ભયા કાંડથી પણ આગળ નિકળી જાય તેવી ઘટના છે. આ કેવી કમનસીબ બાબત છે કે અમે નિર્ભયા કાંડનો ઉલ્લેખ વારંવાર કરવા લાગી ગયા છીએ. તેને માપદંડ તરીકે ગણવા લાગી ગયા છીએ. આસમગ્ર ઘટનાક્રમ કઈ રીતે થયો અને કઈ રીતે આગળ વધ્યો તેમાં જાણવાની કોઈ જરૂર વધારે નથી. ભીડના લોકો પણ આવી સ્થિતીમાં જ દેખાય છે. ઘટના બનતાની સાથે જ તમામ લોકો સપાટી પર આવે છે. આવી સ્થિતીમાં એક પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય છે કે મંદસૌર જેવી નાનકડી જગ્યાએ રેપ જેવા બનાવ બાદ આટલી મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જાય છે અને આક્રોશ વ્યક્ત કરે છે ત્યારે પ્રશ્ન એઉઠે છે કે લોકો જો આટલા સાવધાન રહે છે તો આ પ્રકારના બનાવો બને છે કેમ. જે સમાજમાં એટલા બધા લોકો બળાત્કાર જેવી ઘટનાને લઈને એટલી નિંદનીય માને છે કે જાહેરમાં એકત્રિત થઈ જાય છે. જો લોકો બળાત્કારની ઘટનાને આટલી નિંદનીય ગણે છે તો આ પ્રકારના બનાવો કઈ રીતે બની શકે છે. કોઈ બળાત્કારીની ગુના માટે હિંમત જ કેમ થવી જોઈએ. બળાત્કાર કરનાર અમારા સમાજની વ્યક્તિ છે. તે પોતે પણ જોવે છે અને જાણે છે કે અમે તમામ પણ પોતાના ઘરમાં અથવા તો પોતાના સમાજમાં યુવતિની સ્વતંત્રતા, હૈસિયત અને તેની આઝાદીને સ્વીકાર કરતા નથી. શુ અમારા ઘરમાં યુવતિ સુરક્ષિત છે. સમાજમાં સુરક્ષિત છે. કહેવામાં આવે છે કે યુવતિ સાથે સૌથી વધારે મનમાની ઘરમાં હોય છે. સંબંધીઓ વચ્ચે સૌથી વધારે મનમાની હોય છે. આ તમામ બાબતોને બળાત્કારી પણ જોવે છે અને સમજે છે. તે એ પણ જાણે છે કે તમામ લોકો થોડાક સમય માટે હલ્લો મચાવશે અને ત્યારબાદ તમામ બાબતો શાંત થઈ જશે. તેને યાદ છે કે જ્યારે નિર્ભયાનુ કામ તમામ કરવામાં આવ્યુ ત્યારે પણ આવો જ આક્રોશ દેશભરમાં જોવા મળ્યો હતો. વર્મા કમીશનની રચના કરવામાં આવી હતી. જોતા જોતામાં સરકારને તે કમીશનની ભલામણમાં પાણી ભેળવી દેવાની જરૂરિયાત દેખાઈ હતી. યુવકોથી કેટલીક ભુલો થઈ જાય છે તે પ્રકારના નીચલા સ્તરના નિવેદન પણ કરવામાં આવ્યા હતા. બળાત્કાર કોની સાથે થયો છે, બળાત્કારી કોણ છે, ધર્મ અને જાતિને જાણી લેવામાં આવે છે. શિકાર અને શિકારીઓની હૈસિયત પણ જોવામાં આવે છે. કઠુઆ બાદ આવી જ સ્થિતી સર્જાઈ હતી. ઉન્નાવ કાંડની ઘટના પણ બની ચુકી છે. અપરાધી જાણે છે કે નિર્ભયા કાંડ પણ દિલ્હીમાં રેપની ઘટના રોકાઈ નથી. આગામી ઘટનામાં કેટલાક એવા લોકો પણ હતા જે ઈન્ડિયા ગેટ પર મીણબત્તી લઈને વિરોધ કરી રહ્યા હતા. ફાંસી આપવાથી ન્યાય કઈ રીતે મળી શકે છે. ફાંસીના કારણે ગુનામાં કમી આવે છે તેવા કોઈ આંકડા દેખાતા નથી. ફાંસી ફાંસીથી અમારી નારાજગી દેખાય છે. કારણ કે તે હમેંશા બીજા માટે હોય છે. બળાત્કારના કારણે કોઈ ભાઈએ પોતાના ભાઈ સાથે, પિતા સાથે , પોતાના પતિની સાથે સંબંધો તોડી લીધા છે તેવા કિસ્સા ક્યાં સાંભળવા મળે છે. સજા એવી કરવી જોઈએ કે અપરાધ રોકવામાં મદદ મળી શકે. ભાજપના એક વખતના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી વારંવાર અફઝલ માટે ફાંસીની માંગ કરતા હતા અને હવે જ્યારે અફજળને ફાસી આપી દેવામાં આવી છે ત્યારે કેટલા અફજલ જન્મ લઈ ચુક્યા છે. અમે કેટલાક લોકોને ભગવાનનો દરજ્જો આપી દઈએ છીએ જેમ કે આસારામ અને ગુરમિત રામ રહીમના દાખલા છે. આવુ કરીને અમેરેપના આશ્રમ બનાવી દઈએ છીએ. અપરાધીને એવી સજા કરવી જોઈએ જેથી અન્યો એ દિશામાં આગળ વધતા રોકાઈ શકે. સમાજમાં જાગૃતિ જરૂરી બની છે.

યોગી આદિત્યનાથના ફોટા પર કોંગી નેતા શશી થરુરનું વિવાદાસ્પદ ટ્વિટ

ગંગા સાફ રાખવી છે અને પાપ પણ એમાં જ ધોવા છે, સંગમમાં બધા નગ્ન છે

ન્યુ દિલ્હી

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારના રોજ પોતાના મંત્રીમંડળની સાથે સંગમમાં ડુબકી મારી. યોગી આદિત્યનાથે મંગળવારના રોજ પહેલી વખત લખનઉની બહાર કુંભનગરી પ્રયાગરાજમાં કેબિનેટ બેઠક કરી હતી. ત્યારબાદ યોગી એ પોતાની કેબિનેટની સાથે સંગમમાં સ્નાન કર્યું. આ દરમ્યાન તેમની સાથે અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગિરિ અને બીજા સાધુ-સંતોએ પણ ડૂબકી મારી. સંગમમાં સ્નાનો ફોટો ઉત્તરપ્રદેશના વહીવટીકર્તાએ સોશિયલ મીડિયા પર શેર કરી જેમાં મુખ્યમંત્રી કેબિનેટની સાથે ન્હાતા દેખાઈ રહ્યા છે. પરંતુ સીએમના સ્નાન પર કૉંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે ચુટકી લીધી. શશિ થરૂરે મંગળવારે મોડી રાત્રે ટ્વીટ કરી અને લખ્યું, 'ગંગા પણ સ્વચ્છ રાખવાની છે અને પાપ પણ અહીં ધોવાના છે. આ સંગમમાં બધા નાગા છે, જય ગંગા મૈયા કી.' શશિ થરૂરે આ ટ્વીટ એવા સમયે કરી જ્યારે એવી અટકળો લગાવામાં આવી રહી છે કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સંગમમાં ડૂબકી લગાવાની સાથે જ પૂર્વ ઉત્તર પ્રેદશમાં પોતાના ચૂંટણી અભિયાનની શરૂઆત કરશે. સમાજવાદી પાર્ટી (સપા)ના અધ્યક્ષ અને યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ થોડાંક દિવસ પહેલાં જ સંગમમાં ડુબકી મારી હતી. જો કે તેમણે યોગી સરકાર પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે સંગમ કિનારે કેબિનેટ લાગવાથી પણ સરકાર લોકોનું ભલું કરવાની નથી.

મોદીએ 'નમક સત્યાગ્રહ સ્મારક'નું લોકાર્પણ કર્યું

દાંડી હવે તીર્થધામ બની જશે, લાખો પર્યટકો આવશે, અનેક લોકોને રોજગારી મળશેઃ મોદી

કચ્છ અને કેવડિયાની જેમ દાંડીમાં પણ પ્રવાસીઓની વણઝાર ચાલવી જોઈએ,દાંડી સત્યાગ્રહે દેશને એક કર્યો,ગાંધીજીની વાતો કરનારા તેના મુલ્યોને ઘોળીને પી ગયાં હોય તેવું લાગે છે





સુરત

દાંડીમાં નમક સત્યાગ્રહનું રાષ્ટ્રાર્પણ કરવા આવેલા નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ સ્મારકની મુલાકાત લીધી હતી. અને એક એક બાબતની ઝીણવટપૂર્વક માહિતી મેળવીને પોતાના સૂચનો રજૂ કર્યાં હતાં. બાદમાં જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, દેશમાં નકારાત્મક વિચારવાવાળો એક વર્ગ ગાંધીજી વખતથી છે. તેઓ નમક સત્યાગ્રહને નાનો માનતાં પણ અંગ્રેજોની સલતનત જતી રહી. આ ગાંધીજીના વિચારોને અમર કરતું સ્મારક આવનારા દિવસોમાં તિર્થક્ષેત્ર બનશે અને લોકોને રોજગારી આપવા માટેનો નવું પ્રવાસન સ્થળ બનશે તેમ વધુમાં ઉમેર્યું હતું.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દાંડી મીઠાના સત્યાગ્રહના કારણે દેશ અને દુનિયાના લોકોની ભારત તરફની વિચારસરણી બદલી હતી. પશ્ચિમના લોકોને આ વાત ગમી હતી. દુનિયાએ નોંધ લેતા ગાંધીજીનો ફોટો ૧૯૩૦માં ટાઈમ મેગેઝીને કવર પેજ પર છાપ્યો હતો. અને પર્સન ઓફ ધ યર બનાવ્યાં હતાં. માત્ર વિરોધથી આંદોલન શક્ય ન બન્યું હોત પરંતુ આ યાત્રાના કારણે લોકોમાં એકતા વધી હતી. દાંડી સાથે અન્યાય વર્ષો સુધી થયો પરંતુ અમારી સરકારે ગાંધીજી અને સરદારની પ્રતિમાઓ બનાવી જેનો પણ લોકો વિરોધ કરી રહ્યાં હતાં. આવું ભારતમાં જ બને અમેરિકામાં તેની પ્રતિમા કે બ્રાઝીલમાં એફિલ ટાવરનો વિરોધ નથી થતો. આ સ્મારકોથી આસપાસમાં રોજગારીના નવા અવસરો અને ખાસ કરીને પ્રવાસન વિકસતા દેશ પરદેશથી લોકો અહિં આવી રહ્યાં છે.

મોદીએ સભાન સંબોધતા આડકતરી રીતે કોંગ્રેસ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, અમે ગાંધીજીના મુલ્યો સાથે સ્વચ્છ ભારત અને શૌચાલયની વાતો કરી તો અમારી મજાક ઉડાવવામાં આવતી હતી. પરંતુ હવે દેશમાં ૯૮ ટકા સુધીનું કામ પહોંચી ગયું છે. ત્યારે ગાંધીજીની વાતો કરનારા તેના મુલ્યોને ઘોળીને પી ગયાં હોય તેવું લાગે છે. સાથે જ મોદીએ કહ્યું કે, નેગેટીવીટીથી ભરેલા લોકો માત્ર સ્વાર્થ જ જુએ છે જ્યારે અમે દેશ માટે કામ કરીએ છીએ.

દાંડી સત્યાગ્રહે અંગ્રેજોની સલતનત ઉખેડીઃ રૂપાણી

દાંડીમાં ચપટી મીઠું ઉપાડી અંગ્રેજ સલતનતને લૂણો લગાડ્યો હતો. નમક સત્યાગ્રહણ લોકોને જોડનારૂં ગાંધીજીનું કાર્ય હતું. મોદી સરકારે સ્મારક બનાવીને ગાંધીને અમર કર્યાં છે. નવી પેઢી પ્રેરણા લે તે માટે નરેન્દ્ર મોદીએ દરેક નાની નાની વાતને ઉજાગર કરી છે. કોંગ્રેસમાં પરિવાર વાદ એક જ પરિવારનો ઈતિહાસ ચાલે છે ત્યારે મોદી સરકારે આ દેશના બાકીના લોકોને જેમણે ત્યાગ બલિદાન કર્યું છે તેને ન્યાય અપાવ્યો છે.કોંગ્રેસે ગાંધી, આંબેડકર, સરદાર, વીર સાવરકર, સુભાષચંદ્ર બોઝને ભુલાવ્યાં હતાં. મોદી સરકારે તમામને ન્યાય અપાવ્યો છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સતત ઠંડીમાં વધારો : નવસારી ૮, વલસાડ ૯ ડિગ્રી

સુરતમાં પણ તાપમાનનો ૧૧ ડિગ્રીએ પહોંચી જતા જોરદાર ઠંડી

સુરત

ઉત્તર ભારતમાંથી ફૂંકાઈ રહેલી શીતલહેરના લીધે સમગ્ર રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. ૧૨ જેટલા જિલ્લાઓમાં ન્યુનત્તમ તાપમાનનો પારો સીંગલ ડિજિટ જતા ઠંડીનું જોર વધ્યું છે. દક્ષિણ ગુજરાતમાં પણ ગતરોજની સરખામણીએ આજે વધુ દોઢ ડિગ્રી તાપમાન ઘટતા ઠંડી વધી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૭ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૧.૫ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ સીુરતનું ન્યુનત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયું હતું આમ આજે એક ડિગ્રી જેટલુ તાપમાન ઘટયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૦.૫ ડિગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. નવસારી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ભરબપોરે પણ સુસવાટાભેર પવનથી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

વલસાડમાં આજે ન્યુનત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું છે ગતરોજની સરખામણીએ આજે દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. નવસારી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ભરબપોરે પણ સુસવાટાભેર પવનથી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

વલસાડમાં આજે ન્યુનત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ આજે યથાવત છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડી અમરેલીમાં ૬.૮ ડિગ્રી અને નલીયામાં ૭ ડિગ્રી નોંધાઈ છે. રાજ્યના ૧૨ જિલ્લામાં સીંગલ ડિજીટમાં ન્યુનત્તમ તાપમાન નોંધાયું છે.

ટ્રક નીચે સ્કૂટર ઢસડાયું, ચાલકનો કોઈ પત્તો નહીં

વલસાડ

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડ નજીક ટેમ્પો ચાલકે બાઈક ચાલકને ટક્કર મારી હતી. આ ચકચારી ઘટનામાં હાઈવે પરથી પૂરપાટ ઝડપે પસાર થતા ટ્રકના નીચેના ભાગે એક સ્કૂટર ફસાય ગયુ હતું. ટ્રકનો ચાલક ફસાયેલા સ્કૂટરને ઢસડી પૂર ઝડપે ટ્રક દોડાવી રહ્યો હતો. જોકે, ટ્રક નીચે સ્કૂટર ઢસડાય રહ્યું છે તેની જાણકારી ટ્રકચાલકને ખબર હતી કે, નહી તે અંગે કોઈ સચોટ જાણકારી પ્રાપ્ત નથી. જોકે, આ ઘટનામાં ટ્રક નીચે ઢસડાતા સ્કૂટરના દ્રશ્યો પાછળ આવતા વાહનચાલકોએ જોતા ટોલનાકા પરના કર્મચારીઓને આ અંગે જાણ કરવામાં આવી હતી. જેના પછી ટ્રકને રોકવામાં આવી હતી. ટ્રકને રોકવામાં આવતા જ ચાલક નીચે ઉતરીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. તપાસ કરવામાં આવતા ટ્રક નીચે સ્કૂટર ફસાયેલું હતું પરંતુ તેના ચાલકની કોઈ ભાળ મળી નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રકને ચાલકે કોઈ સ્કૂટર ચાલકને અડફેટે લીધો હતો. સ્કૂટરને અડફેટે લીધા બાદ ચાલકનું શુ થયુ તે અંગે કોઈ માહિતી મળી નથી. લોકો દ્વારા ટ્રકને અટકાવ્યા બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો.

સાદડી દૂધ ઉત્પાદક મંડળીના માજી પ્રમુખ-મંત્રી દ્વારા લાખોની ઉચાપત

માંડવીની સહકારી મંડળીના માજી પ્રમુખ-મંત્રી વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

માંડવીની સાદડી દૂધ ઉત્પાદક સહકારી મંડળીની પ્રમુખ- મંત્રીએ રૂા. ૯.૨૧ લાખનો ગેરકાયદે વ્યવહાર કરી અંગતકામે રૂપિયા વાપરી ગયાની ફરિયાદ હાલના મંત્રીએ માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

માંડવી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સાદડી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી યોગેશ પ્રવીણભાઈ ચૌધરીએ માજી પ્રમુખ કેવજી ગોમાભાઈ ચૌધરી, માજી મંત્રી બલ્લુભાઈ માધાભાઈ ચૌધરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ મંડળીના હોદા ઉપર રહી ગુનાહિત કાવતરૂ રચી દૂધ એડવાન્સ તથા તે અને સભાસદોના બાકી રૂપિયા દર્શાવીને કુલ્લે રૂા. ૯,૨૧,૭૧૯નો ગેરકાયદે નાણાકીય વ્યવહાર બતાવી આ રૂપિયા અંગત કામ માટે વાપરી જઈ પોતાના હોદાનો દુરૂપયોગ કર્યો હતો. બનાવ અંગે માંડવી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગંગાધરામાંથી વરલી મટકાનો જુગાર પકડાયો

સુરત

પલસાણા-ગંગાધરા અલખધામ મંદિરની બાજુમાં ગોળકુંડાળુવાળી તીનપત્તીનો જુગાર તથા વરલી મટકાનો જુગાર રમાડતા એક આરોપીની પોલીસે ધરપકડ કરી રૂા. ૨૭ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગંગાધરા અલખધામ મંદિર પાસે નટવરસિંહ ઉર્ફે કલ્યાણસિંહ દેસાઈ રહે છે. તે પોતે વરલી મટકાનો જુગાર રમાડે છે. ગતરોજ તેઓ સાંજના સુમારે તેઓ મુંબઈ વરલી મટકાનો જુગાર રમાડતો હતો. ત્યારે પોલીસે દરોડા પાડી રોકડા રૂા. ૨૬,૮૪૦, વીવો કંપનીનો મોબાઈલ ફોન ૧૦૦૦નો મળી કુલ્લે ૨૭ હજારનો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હતી. પોલીસે વરલી મટકાનો જુગાર રમાડતા આરોપીની ધરપકડ કરી હતી.

વરિયાવમાં સંત શિરોમણી રોહીદાસ મહારાજની જન્મ જયંતી ઉજવણી કરાશે

રોહીદાસ સત્સંગ મંડળ દ્વારા કાર્યક્રમનું આયોજન

સુરત

સદ્‌ગુરૂ સંત શ્રી રોહીદાસ સત્સંગ મંડળની મીટિંગ તા.૨૬-૧-૨૦૧૯ના રોજ વરીયાવ ખાતે અગ્રણી ઈશ્વરભાઈ વી. પરમારના પ્રમુખ સ્થાને મળી હતી. સભા એ આગામી તા.૧૯-૨-૨૦૧૯ના રોજ સંત શિરોમણી રોહીદાસજીની જન્મ જયંતી મનાવવા નક્કી કર્યું હતું. સર્વ રમેશભાઈ જી. ચૌહાણ, અમૃતભાઈ ચૌહાણ, અશોકભાઈ ચૌહાણ, પ્રતાપભાઈ આર. ચૌહાણ, બળવંતભાઈ પરમાર, દેવચંદભાઈ પરમાર, રણછોડભાઈ એલ. ચૌહાણ અને અન્યોએ હાજર રહીસંત રોહિદાસજી મહારાજની ૬૪૨મી જન્મ જયંતી રંગે ચંગે રોહિતવાસ, વરીયાવ સુરત ખાતે ઉજવવા સર્વાનુમતે નિર્ણય લીધો હતો. ઈશ્વરભાઈ પરમારે ગામડે ગામડે રોહીદાસ બાપાની જયંતી સાદગીપૂર્ણ રીતે ઉજવી એમના પવિત્ર વિચારોને નવયુવાનો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

સુગર ફેક્ટરીની ટાંકીમાં બ્લાસ્ટ, ખેતરો મોલાસિસના તળાવમાં ફેરવાયા

વલસાડ

વલસાડમાં એવાલી સુગર ફેક્ટરીની ટાંકીમાં બ્લાસ્ટ થયાની ઘટના બની હતી. મોલાસિસ ભરેલી ટાંકીમાં બ્લાટ થતાં આસ પાસના ખેતરોમાં મોલાસિસ પથરાયો હતો. જેના પગલે પાકને મોટું નુકસાન થવા પામ્યું છે. મોલાસિસ ખેતરોમાં પથરાતા જાણે મોલાસિસના તળાવ બની ગયા હોય એવા દ્રશ્યો સર્જાયા છે. મળતી માહિતી પ્રમાણે ટાંકીમાં ૪ હજાર ટન મોલાસિસનો ભરેલો હતો. આ ઉપરાંત સુગર ફેક્ટરીમાં પણ મોટું નુકસાન થવા પામ્યું છે. મળતી માહિતી પ્રમાણે વલસાડમાં સુગર ફેક્ટરીમાં મોલાસિસની ટાંકીમાં મંગળવારે મોડી રાત્રે અચાનક બ્લાસ્ટ થોય હતો.



ટાંકીમાં થયેલા બ્લાસ્ટના કારણે હજારો ટન મોલાસિસનો જથ્થો આસપાસના ખેતરોમાં પથરાયો હતો. ૪ હજાર ટન મોલાસિસનો જથ્થો ખેતરોમાં પથરાતા ખેતરો જાણે મોલાસિસના તળાવમાં ફેરવાયા હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. આ સાથે ખેતરોમાં રહેલા પાકને પણ નુકસાન થવા પામ્યું હતું. સુત્રોના જણાવ્યા પ્રમાણે મોલાસિસ ખેતરોમાં પથરાતા ખેડૂતો પણ પરેશાન થયા છે. બીજી તરફ ટાંકીમાં થયેલા બ્લાટના પગલે સુગર ફેક્ટરીમાં પણ ભારે નુકસાન થયું છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે બ્લાસ્ટના પગલે સદનસિબે કોઈ જાનહાનિ થઈ નથી.

ભાજપ પ્રદેશ પ્રમુખ વાઘાણીના નિવેદન સામે સુરત મહિલા કોંગ્રેસનો આક્રોશ

સુરત મહિલા કોંગ્રેસે જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવ્યું

સુરત

નારી સશક્તિકરણની વાતો કરતી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ સ્તનપાન વિશે કરેલી વાધાજનક નિવેદન અંગે સુરત શહેર મહિલા કોંગ્રેસે વિરોધ નોંધાવી કલેક્ટર ડૉ. ધવલ પટેલને આવેદનપત્ર સુપરત કર્યુ હતું.

કલેક્ટર ડૉ. ધવલ પટેલને અપાયેલા આવેદનપત્રમાં મહિલા કોંગ્રેસ પ્રમુખ છાયા ઠાકરે જણાવ્યું હતું કે, વિકૃત માનસિકતા ધરાવતા ગુજરાત ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણી અભદ્ર ભાષા અને વિકૃત વાતો કરવા માટેની પોતાની ઓળખને ફરીથી છુપાવી ના શક્યા. સ્તનપાનને લઈ ભાજપના પ્રમુખ જીતુ વાઘામીએ ભાન ભૂલીને અભદ્ર ભાષા અને અસંસ્કારિતા તથા પોતાના વિકૃત ચહેરાનું ગુજરાતની જનતાને દર્શન કરાવ્યું છે. ભાજપના પ્રમુખ જીતુ વાઘાણીના પરિવારમાં માતા, પત્નીનું શું સન્માન હશે ? તેમની માતૃત્વ પર બીભત્સ ટિપ્પણીથી તેમની વિકૃત માનસિકતાની છબી ઉપસી ઉઠી છે. એમનામાં જરા પણ લાજ કે શરમ બાકી હોય તો તેમણે પક્ષપ્રમુખમાંથી રાજીનામું આપવું જોઈએ.

ભાજપ આર. એસ. એસ.ની વિચારધારાને અનુસરતું હોય તેવું પ્રતીત થાય છે. આર.એસ.એસ.માં પણ ક્યારેય મહિલાઓને સ્થાન મળ્યું નથી કે સન્માન પણ થયું નથી તે રીતે ભાજપના નેતાઓ પણ આર.એસ.એસ.ના આ અસંસ્કારને ચુસ્ત રીતે અનુસરીને વારંવાર મહિલાઓનું અપમાન કરે છે.

આથી અમે આપને નમ્ર નિવેદન કરીએ છીએ કે નારી માટે અભદ્ર વિકૃત ટિપ્પણી કરનાર ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણી પર કડક કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલા લો તેવી માંગણી સુરત શહેર મહિલા કોંગ્રેસ કરે છે, તેમની વિકૃત માનસિકતા અને તેમની અભદ્ર ભાષાને અમો સખત શબ્દોમાં વખોડીએ છીએ તથા તેઓ જાહેરમાં માફી માંગે તેવી અમારી માંગણી છે.

સુરત ઘોડદોડ રોડની અંધજન શાળા નાટ્ય સ્પર્ધામાં ઝળકી

અંધજન રાજ્ય કક્ષાની નાટ્ય સ્પર્ધામાં સુરતની ક્રિના ચૌહાણ પ્રથમ ક્રમે વિજેતા

સ ુ ર ત

સમગ્ર ગુજરાત રાજ્યની અંધજન શાળાઓની નાટ્ય સ્પર્ધા પોરબંદર ખાતે તા.૧૦-૧-૨૦૧૯ના રોજ યોજાઈ હતી. કુલ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કુવામાં ઉગ્યુ પાણીનું ઝાડ સુરત અંધજન શિક્ષણ મંડળની ઘોડદોડ રોડ પ્રા.શાળાની ક્રિના રજનીકાંત ચૌહાણ (અટોદરા તા.ઓલપાડ) પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. બીજો નંબર પ્રકૃતિના ત્રણ ગુણ નાટ્યકૃતિ જામનગરે મેળવ્યો હતો. આ નાટકમાં ડૉ. પ્રો. બિપીનભાઈ કીકાણી, એલિશા મેડમ, આશિષ સર, બાબુસરે નાટ્ય ભજવણીમાં સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ કૃતિમાં ક્રિના ચૌહાણ, સુહાની ટેંડેલ, સીયા બોદરે, દેવપ્રિયા બાળક્યા, રાજ ડામા, ઈરફાન પિંજારી, અભય હળીયા, આનંદ ભાલેરાવ, મિતેષ વસાવા, હર્ષલ મહાજન, ઝીલ રાઠોડ, વિશાખા સોલંકી અને અમિત પ્રજાપતિએ ઉત્સાહભેર ભાગ લઈ અંધજન શિક્ષણ મંડળ, ઘોડદોડ રોડની શાળાને પ્રથમ ઈનામ જીતી ગૌરવ અપાવ્યું હતું. શાળાના આચાર્ય અને સંચાલક મંડળે અભિનંદનો પાઠવ્યા હતા.

અમરોલી કોલેજ દ્વારા 'મેં ગંદેવીનો ગલો' નાટકની રજૂઆત કરાશે

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ગુજરાત રાજ્ય સંગીત-નાટક એકેડમીનાં સહયોગથી સાંસ્કૃતિક વારસાની જાળવણી યોજનાં હેઠળ પ્રસ્તુત નાટક ''મેં ગંદેવીનો ગલો'' જેના લેખક સતીષ વ્યાસ અને દિગ્દર્શક સોનલ વૈદ્ય કુલકર્ણી દ્વારા તા.૩-૨-૨૦૧૯ના રવિવારના રોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા સુરત ખાતે ભજવવામાં આવશે. જેમાં સર્વ યઝદી કરંજીયા, કલેક્ટર ધવલ પટેલ સુરત શહેર, વાઈસ ચાન્સલર, ડૉ.એ.કે. સિંઘ ઓરો યુનિવર્સિટી, સુરત કપિલદેવ શુકલ તથા પંકજ પાઠકજી ઉપસ્થિત રહેશે.

વરીયાવ પ્રા.શાળામાં ૭૦માં ગણતંત્ર દિવસ પર્વની શાનદાર ઉજવણી

સુરત

ન.પ્રા.શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.૩૧૩ કવિશ્રી અમૃત ઘાયલ પ્રા.શાળા વરીયાવ ખાતે ૭૦માં ગણતંત્ર દિને ભૂતપૂર્વ વિદ્યાર્થીની કિંજલબેન પ્રજાપતિના હસ્તે શ્રીમતી જયાબેન આઈ. પરમારના માર્ગદર્શન હેઠળ ધ્વજવંદન થયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતા. સમગ્ર સુરત શહેરમાં મહાત્મા ગાંધી વિષયક થયેલ વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીની શેહનાઝ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થતા ઈનામો આપી બહુમાન થયું હતું. ગ્રામજનો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉત્સાહી આચાર્યા જીજ્ઞાશાબેન પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ નવસારીથી વૈશ્વિક ઓળખ બનશે

દાંડીમાં મહાત્મા ગાંધીએ એક મુઠ્ઠી મીઠુ ઉપાડીને અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી દીધા હતા

સુરત

દાંડીનો આત્મામીઠું સત્યગ્રહ દાંડી માર્ચ તરીકે જાણીતું છે, તે ભારતીય સ્વાતંત્ર્ય સંઘર્ષના ઈતિહાસમાં એક સીમાચિહ્ન હતું. બ્રિટીશ શાસન વિરુદ્ધના નાગરિક આજ્ઞાભંગ ચળવળના ભાગરૂપે ૮૦ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ સત્યાગ્રહીઓ સાબરમતી આશ્રમ, અમદાવાદથી દાંડીના દરિયાકિનારા ગામમાં ૨૪૧ માઇલ પર કૂચ કરીને બ્રિટીશરો દ્વારા લાદવામાં આવેલા મીઠાની કાયદો તોડ્યો હતો.

દાંડી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આજરોજ ઐતિહાસિક દાંડી ખાતે રાષ્ટ્રીય નમક સ્મારકને રાષ્ટ્રને સમર્પિત કરશે. રૂા.૧૧૦ કરોડથી વધુ ખર્ચે તૈયાર થયેલા સ્મારકમાં સત્યાગ્રહીઓ અને આઝાદીના જંગમાં ભાગીદાર થનારાઓની સ્મૃતિઓ જીવંત સ્વરૂપે જોવા મળશે. નવસારીની એક વૈશ્વિક ઓળખ વિશ્વના નકશા પર અંકિત થશે.

નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલની વિશેષતાઓ જોઇએ તો તળાવની ફરતે માર્ગ છે જે દાંડી માર્ચના પ્રતિક રૂપ છે. ૨૪ મૂર્તિકળાત્મક કથામાઉન્ટ કરેલા મ્યુરલ્સ, ૧૯૩૦ દાંડી માર્ચની થીમ્સ અને ઈવેન્ટસ દર્શાવે છે. મહાત્મા ગાંધી સાથે ૮૦ સાથીઓની જીવન કદના કાંસ્ય કાસ્ટવાળી મૂર્તિઓ તૈયાર કરવામાં આવી છે. જેના પર પ્રકાશ પિરામિડ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. રાષ્ટ્રીય મીઠું સત્યગ્રાહ મેમોરિયલ ખાતેનું સ્વાગત કેન્દ્ર, લાઇબ્રેરી, બુક શોપ, ઓડિટોરિયમ છે. સ્મારકની ડિઝાઇન માટે આઈઆઈટી બોમ્બે દ્વારા ડિઝાઇન અને વિકસિત ૪૦ સૂર્ય વૃક્ષો ઉભા કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય મીઠું સત્યગ્રહમાં મેમોરિયલ કોમ્પલેક્સ મુલાકાતીઓને એક ચપટી મીઠું બનાવવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અવસરે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, મંત્રી ગણપતસિંહ વસાવા, મંત્રી ઈશ્વરભાઇ પરમાર, રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ, રાજયમંત્રી રમણભાઇ પાટકર, પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણી, મુખ્ય સચિવ જે. એન. સિંઘ, મુખ્યમંત્રીના અગ્રસચિવશ્રી કે.કૈલાશનાથન, પ્રવાસન વિભાગના અગ્રસચિવશ્રી એસ. જે. હૈદર, પ્રવાસન વિભાગના મેનેજીંગ ડીરેકટર જેનુ દેવેન, ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાઇસ ચેરમેન મુકેશકુમાર, રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ વી.પી.પટેલ, કમિશનર સતિષ પટેલ, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર નવી દિલ્હીના સચિવ અરૂણ ગોયલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

એસએમસીના સોમનાથ ડેપોમાં જુગાર રમતા ૭ જુગારીઓ પકડાયા

સુરત

પીસીબી પોલીસે ઉધના-મગદલ્લા રોડ સોમનાથ ડેપો પાસે એસએમસીના ગોડાઉનમાં જુગાર રમતા સાત જણાંની ધરપકડ કરી રૂપિયા ૨.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પીસીબી, પોલીસે બાતમીના આધારે ઉધના - મગદલ્લા રોડ સોમનાથ ડેપો એસએમસી ગોડાઉનમાં કંપનીના ઢગલા ઉપર જુગાર રમતા મહેશ કેશવ પરિયા, મહેન્દ્ર ગુલાબ ખેરનાર, પરિમલ નટવરલાલ જરીવાળા, ધર્મેશ પ્રકાશચન્દ્ર જરીવાળા, પ્રદીપસિંહ પઢીયાળ, શૈલેષ રાજારાવ, જનક રાજપૂતની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે રોકડા રૂપિયા ૧૬,૧૭૦ સાત મોબાઈલ ફોન, ચાર મોટર-સાઈકલ મળી કુલ્લે રૂપિયા ૨,૪૩,૬૭૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સુરતના ભક્તોને સત્સંગના રંગે રંગી પૂ.મહંત સ્વામીની સુરતથી વિદાય

પૂ. મહંત સ્વામીએ ૧૬ દિવસ સુધી ભક્તો પર ભક્તિની હેલી વર્ષાવી

સુરત

સાધુતાના સુમેરુ પ.પુ. મહંત સ્વામી મહારાજનું ૧૬ દિવસનું સુરતમાં રોકાણ ગઈકાલે પૂર્ણ થયું હતું. ગઈકાલે સવારે સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાના અંતિમ દર્શન થયા હતા. જેનો લાભ લેવા માનવ મહેરામણ ઉમટ્યું હતું. વિદાય વેળા સ્વામીશ્રીએ પોતાનો આશીર્વાદ આપતા કહ્યું હતું. સૌએ સંપ રાખવો, સંપીલો પરિવાર કરવો. ભગવાનની આજ્ઞામાં રહેવું અને સુખે સત્સંગ ભક્તિ કરવી. સુરતની ભાવિક જનતા ઉપર સત્સંગ ભક્તિની હેલી વર્ષાવીને અદ્ભૂત, દિવ્ય અને અવિસ્મરણીય સ્મૃતિ આપીને પ.પૂ. સ્વામી વિદાય થયા હતા.

પ.પૂ. મહંત સ્વામી મહારાજ તા.૧૪-૧-૨૦૧૯, મકરસંક્રાંતિના દિને સુર્યપુરને આંગણે પધાર્યા હતા. આ રોકામ દરમ્યાન સ્વામીશ્રીએ સૌ ભક્તોને સત્સંગ ભક્તિની લહાણી કરાવી હતી. નાના બાળકોથી લઈને વૃદ્ધ સુધી તમામ વર્ગના ભક્તોને સ્વામીશ્રીએ આધ્યાત્મિક પીયુષ પાયા, નિયમ ધર્મની દ્રઢતા કરાવી, સંયમ સમર્પણના પાઠ શીખવ્યા તથા સત્સંગનું જતન કરતા શીખવ્યું. કેટલાકને હાથના લટકાથી તો કેટલાકને આંખના મટકાથી સ્વામીશ્રીએ આધ્યાત્મિક સુખની અનુભૂતિ કરાવી હતી. સુરતના પ્રેમી ભક્તોની ભક્તિને પ.પૂ. મહંત સ્વામી મહારાજે સતત ૧૬ દિવસ સુધી સ્વીકારીને તેમને અદ્ભૂત લાભ આપ્યો હતો. શિશુઓ, બાળકો, યુવાનો, વૃદ્ધો, તમામને સ્વામીશ્રીએ સમાંતર સુખ આપ્યું હતું. દરરોજ એજ ઉત્સાહ અને ઉમંગ સાથે હજારો ભાવિક ભક્તો સ્વામીની પ્રાત : પૂજામાં સંતો, યુવકો, બાળકોના મુખે મધુર કીર્તનગાન, બાળકો દ્વારા વચનામૃત ગ્રંથના મુખપાઠ સાથે સ્વામીશ્રીના દિવય દર્શનનો લાભ લેવા ઉમટી પડતા હતા. ઉપરાંત ૩૬૦૦૦ થી વધુ ભાવિક ભક્તો સ્વામીશ્રીની સમીપ મુલાકાતથી ધન્ય થયા હતા. સ્વામીશ્રીના સાનિધ્યમાં મકરસંક્રાતિ, વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉદ્ઘોષ સભા, શાકોત્સવ જેવા મેં નીરખ્યા રે..શીર્ષક હેઠળ બાળ દિન અને ફૂંકવો છે શંખ મારે ક્રાંતિનો આવી વિશિષ્ટ સભાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સત્સંગ સભાઓમાં વિવિધ મધ્યમવર્તી વિચાર સાથે રજૂ થતા કાર્યક્રમોમાંથી હરિભક્તોએ આધ્યાત્મના વિવિધ પાઠો દ્રઢાવ્યા હતા અને સ્વામીશ્રીએ પોતાની અમૃતવાણી દ્વારા તેની વિશેષ પુષ્ટિ કરી હતી. હજારો હરિભક્તોએ આદર્શ બાળક બનવાથી લઈને સંયમી સદાચારી યુવાન, મંગલ ઘર, અભાવ અવગુણ રહિત જીવન બનાવવાની પ્રેરણા મેળવી હતી. તદુપરાંત ૪૫૦ થી વધુ શિશુઓ સવામીશ્રીના વરદ હસ્તે સત્સંગીના વર્તમાન ધરીને ધન્ય થયા હતા.

આવો ૧૬ દિવસીય ભક્તિ મહોત્સવ ગઈકાલે પૂર્ણ થયો હતો. સુરતના માયાળુ અને પ્રેમી હરિભક્તોનો પ્રેમ અંગીકાર કરીને સ્વામીશ્રી સુરતથી ગઈકાલે વિદાય થયા હતા. વહેલી સવારે પ્રાતઃ પૂજાના દર્શન આપીને સ્વામી શ્રી બપોરે ૪ કલાકે બા.એ.પા.એ સ. સ્વામીનારાયણ મંદિર, અડાજણ ખાતે વિદાય લીધી હતી અને મહેળાવ જવા રવાના થયા હતા. સ્વામીશ્રીની વિદાય વેળાએ વાતાવરણ થંભી ગયું હતું. મંદિરે ઉપસ્થિત હજારો હરિભક્તોએ પોતાના પ્રાણપ્યારા ગુરુહરીને ગદગદ કંઠે પ્રાર્થના કરી હતી. આવજો રે આવજો સ્વામી! વહેલેરા પધારજો.. કરૂણાનિધિ સ્વામીશ્રીએ પણ સૌ ભકતોને પ્રેમ અંગીકાર કરતા કરતા વિદાય થયા હતા.

વેચી દીધેલી એમ્બ્રોઈડરી મશીનરી ફરી એકવાર બીજાના વેચી મરાઈ

રૂા. ૪.૧૫ લાખ પડાવી લઈ છેતરપિંડી

સુરત

કતારગામ જૂની જીઆઈડીસીમાં એમ્બ્રોઈડરી મશીનનો સોદો કર્યા બાદ બીજાને વેચી દેનાર એમ્બ્રોઈ મશીનના માલિક વિરુદ્ધ રૂા. ૪.૧૫ લાખની ઠગાઈ કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સાયણ વેલકમ રેસિડેન્સીમાં રહેતા ભરતભાઈ નાનજીભાઈ પાલડિયાએ આરોપી પ્રકાશ ધીરૂભાઈ સાયબરના ત્રણ એમ્બ્રોઈડરી મશીનનો રૂા. ૪.૧૫ લાખમાં સોદો કર્યો હતો અને રૂપિયા ચૂકવી વેચાણ કરાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપી પ્રકાશ સાવલિયાએ આ મશીનો બીજાને વેચી દઈ ફરિયાદી ભરતભાઈ પાલડિયા સાથે લીંબાયત છેતરપિંડી કરી હતી. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી સબ ઈન્સ્પેક્ટર એ.પી. મહેરિયાએ તપાસ હાથ ધરી છે.



“સમસ્ત મહાજન” દ્વારા ત્રિદિવસીય મેગા સંમેલનનું આયોજન

પાંજરાપોળ ગૌશાળા, પદાધીકારીઓ,જીવદયા કાર્યકરોનું તા. ૧,૨,૩, ફેબ્રુઆરીના ત્રિદિવસીય મેગા સંમેલન સાધુ- સંતો ખાસ આશીર્વાદ આપશે.જીવદયા શ્રેષ્ઠીઓ જીવદયાના પ્રશ્નો અંગે વિચાર – વિમર્શ કરશે.૨સ ધરાવતાઓને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ

જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે ભારતમાં લાખો અબોલ જીવોનું જીવનપર્યંત જતન થાય છે.આર્થિક વ્યવસ્થાઓ, ઘાસચારાની ઉપલબતા,જમીન અંગેના કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે.આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ,પર્યાવરણ રક્ષા તરફ વળવા માત્ર ગુજરાત – રાજસ્થાન જ નહી પરંતુ તમામ સંસ્થાઓના તમામ ટ્રસ્ટીઓએ ત્રણ દિવસ ભેગા રહે,એકબીજાનો પરીચય થાય,એક બીજાની હૂંફ મળે અને એકબીજાનો સહકાર મળે તે માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી,એનીમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગિરીશભાઈ શાહ (મો:૯૮૨૦૦૨૦૯૭૬) અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન દ્વારા ગૌશાળા,જીવદયા સંસ્થાઓના ટ્રસ્ટીઓ (એસ.પી.સી.એ)ના પદાધીકારીઓ,જીવદયાના ક્ષેત્રે કામ કરતા કાર્યકરો,સકળ સંઘના ટ્રસ્ટીઓ,જીવદયાના કાર્યમાં દાન આપતા દાનવીર ભામાશાઓ, પર્યાવરણ પ્રેમીઓના ત્રિદિવસીય, નિવાસી,પ્રવાસી,સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ,ગૌ આધારીત કૃષિ – આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન,જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ,ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા- પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા,પશુ – પક્ષીઓના આરોગ્યની જાળવણી,ભાવના અને વિજ્ઞાનનો સમન્વય,માનવ માત્રમાં પક્ષીઓ,પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા,વરસાદી પાણીનો સંગ્રહ,સ્વદેશી વૃક્ષોનું વાવેતર,સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક – સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર – પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેકટીકલ અને દૃષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરાશે.આ સંમેલનમાં સાધુ – સંતો તેમજ દેશના જાહેર જીવનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

જીવદયા પ્રેમીઓના સંમેલનની શરૂઆત તા.૩૧ જાન્યુઆરી સાંજે ૫-૦૦ કલાકે રાજસ્થાનના ડાંગાવાસ,મેડતા, જિ. નાગૌરથી થશે અને રાત્રે ૧૧-૩૦ વાગ્યે સિરોહી, વામનવાડા ખાતે રાત્રી રોકાણ કરાશે. ત્યારબાદ તા.૧, ફેબ્રુઆરીને શુકવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦કલાકે થી વામનવાડા ખાતેથી પ્રસ્થાન કરશે અને ૮-૪૦ કલાકે પરલાઈ (પડવાડા),સવારે ૧૦-૩૦ થી બપોરે ૨-૩૦ કલાક સુધી ભેરૂતારક તીર્થ થી ભીલડી (ગુજરાત) તરફ પ્રયાણ કરાશે અને રાત્રી રોકાણ ગુજરાતમાં ભીલડી ખાતે કરાશે.પ્રવાસ દરમ્યાન રાજસ્થાન અને ગુજરાતની જોવા લાયક, અભ્યાસ લાયક ગૌશાળાઓ – પાંજરાપોળોની મુલાકાતો લેવાશે, પ્રત્યક્ષ માર્ગદર્શન અપાશે.

તા. ૨, ફેબ્રુઆર ને શનિવારના રોજ સવારે ૫-૩૦ કલાકે ભીલડી થી ભાભર તરફ પ્રયાણ કરાશે.સવારે ૯-૩૦ વાગ્યાથી ભાભરથી દુધવા તરફ પ્રયાણ કરાશે.સવારે ૧૧-૫૫ કલાકે દુધવાથી સરખેજ (બંસી ગીર ગૌશાળા) તરફ પ્રયાણ અને બપોરના ૪-૦૦ કલાકેથી વિશ્વ વિખ્યાત બંસી ગીર ગૌશાળાની મુલાકાત અને સંચાલક ગોપાલભાઈ સુતરીયાનું વિશેષ માર્ગદર્શન સૌ મેળવશે.બંસી ગીર ગૌશાળા ખાતે જીવદયા પ્રેમીઓના સંમેલનનું પણ આયોજન છે.સાંજે પરસ્પર વાતાલાપ અને વિષયવાર ચર્ચા સત્ર મોડી રાત્રી સુધી ચાલશે. અને કલીકુંડ તિર્થ ખાતે રાત્રી રોકાણ કરાશે.

તા. ૩, ફેબ્રુઆરીને રવીવારના રોજ સવારે ૫-૩૦ કલીકુંડ તિર્થથી ધોળકા ગોકલગામ (ધોલેરા) તરફ પ્રસ્થાન કરાશે.તથા સવારે ૧૦-૦૦ વાગ્યે ધોલેરાથી મણીલક્ષ્મી તિર્થ, માગેજ થી ધર્મજના ગૌચર તરફ પ્રસ્થાન કરાશે.સુરજબા પાર્ક, ધર્મજ ગામના ૧૪૦ એકરના ગૌચરની મુલાકાત સામુહીક રીતે સૌ લેશે અને ગામના આગેવાનોએ આ ગૌચરનું નવ નિર્માણ કેવી રીતે કર્યું તેનું પ્રેકટીકલ માર્ગદર્શન સૌને અપાશે.ધર્મજ ખાતે સંમેલનની પૂર્ણાહુતી થશે.

વિવિધ ગૌશાળા – પાંજરાપોળના ટ્રસ્ટીઓ,જૈન સંઘના ટ્રસ્ટીઓ, એસ.પી.સી.એ.ના પદાધીકારીઓ,૨સ ધરાવતા જીવદયા પ્રેમીઓએ પ્રતિ વ્યકિત રૂા.૩૦૦૦ – ભરી નામ નોંધાવી લેવા અપીલ કરાઈ છે,આ ૨કમ ત્રણ દિવસના આયોજન (રહેવા-જમવા તથા બસ અને પ્રવાસ અને અન્ય આયોજન) પેટે ખર્ચ થશે. રૂ.૩૦૦૦/-નો ચેક વ્યકિતદિઠ “સમસ્ત મહાજન”ના નામનો લખવાનો રહેશે.

તમામ પાંજરાપોળ, ગૌશાળાના ટ્રસ્ટીઓએ પોતાની સંસ્થાની લેટરહેડ, સ્ટેમ્પ અને સાહિત્ય સાથે લાવવા અને જે કાંઈ પ્રશ્નો હોય એ અંગેની રજુઆતના મુદા પણ લેખીતમાં લાવવા વિનંતી કરાઈ છે.

જીવદયા પ્રેમીઓના આ ત્રિદિવસીય,નિવાસી મેગા સંમેલનની વિશેષ જાણકારી તથા રજીસ્ટ્રેશન માટે ગિરીશ શાહ (મો.૯૮૨૦૦ ૨૦૯૭૬),દેવેન્દ્ર જૈન (મો.૯૮૨૫૧ ૨૯૧૧૧), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), હીરારામજી ગોદારા (મો.૯૪૯૪૭ ૦૭૦૭૦), રવીન્દ્ર જૈન (મો. ૯૬૬૪૩ ૦૫૮૭૦),રાજુભાઈ શાહ (મો:૯૮૭૯૪ ૬૧૮૭૬), પ્રતિક સંઘાણી (મો:૯૯૯૮૦ ૩૦૩૯૩), ગુંજનભાઈ (મો. ૯૮૯૮૩ ૧૯૬૩૯)નો સંપર્ક કરવા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી,એનીમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગિરીશભાઈ શાહ (મો:૯૮૨૦૦ ૨૦૯૭૬)ની યાદીમાં જણાવ્યુ છે.

સરથાણામાં સાઈડ આપવાના મુદ્દે ટ્રક અને બસ ચાલક વચ્ચે મારામારી

એસટી બસના ડ્રાઈવરને ટ્રક ચાલકે ટોમી મારી દીધી

સુરત


સરથાણા ડાયમંડ નગર ખાતે એસ.ટી. બસના ચાલક પર ટ્રક ચાલકે ટોમી વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી તથા ફરજમાં અડચણ ઊભી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલમાં પુણાગામ ઈશ્વરનગર સોસાયટી ખાતે રહેતા નિલેશભાઈ બાબુભાઈ બધેલીયા પોતાની એસટી બસ લઈને સરથાણા ડાયમંડ નગર પાસેથી પસાર થતા હતા. ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલી એક ટ્રકના ચાલકે બસની આગળ ટ્રક થોભાવતા બસ ટ્રકની પાછળ અથડાઈ હતી. જે બાબતે ટ્રક ચાલકે એસટી બસના ચાલક સાથે ઝઘડો કરી ટોમી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. એસટી બસના ચાલક નિલેશે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

भठ્ઠીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક


022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી

: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યકિત માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

જથ્થાબંધ ભાવે મળશે.
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

રાજપીપળામાં સુરક્ષા સેતુ સોસાયટી અને સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા ભલાઈની દીવાલ નામના સેવાકીય કાર્યની શરૂઆત કરી



રાજપીપળા :હાલ ફેશન એટલી હદે વધી ગઈ છે કે કપડાં,બુટ અથવા કોઈ પણ જીવનજૂરિયાતની વસ્તુઓ ખરીદીએ એની બીજી જ સેકન્ડે એ તમામ વસ્તુઓનું અપગ્રેડેશન કરી કંપની માર્કેટમાં મૂકી દે છે.જેને લોકો ખરીદે છે .બીજી બાજુ દેશમાં અમુક વર્ગ એવો પણ છે કે જેમને શરીરે સારા કપડાં કે પગમાં પગરખાં પહેરવા પણ નસીબ નથી હોતા.ત્યારે જૂના થઈ ગયેલા કપડાં,પગરખાં ફર્નિચર સહિત જીવન જરૂરિયાતની વસ્તુઓ ફેંકી દેવા કરતા ગરીબ અને જરૂરિયાત મંદોને કામ આવે એ માટે નર્મદા જિલ્લા સ્પોર્ટ્સ એસોએિશન અને સુરક્ષા સેતુ સોસાયટીએ રાજપીપળા ખાતે ભલાઈની દીવાલ નામે એક સેવાકીય કાર્યની શરૂઆત કરી. જેમાં રાજપીપળા પોલીસ લાઈનની એક દીવાલને ભલાઈની દીવાલ નામ આપવામાં આવ્યું અને ત્યાં જ મોટા મોટા બોક્સ મુકવામાં આવ્યા,આમ કરવા પાછળનો હેતુ એવો છે કે જુના થઈ ગયેલા જે વપરાશમાં લેવાતા જ ન હોય એવા કપડાં,પગરખાં આ બોક્સમાં મૂકી જાય અને જે પણ જરૂરિયાત મંદને જરૂરી હોય એ ત્યાંથી લઈ પણ જાય.

ભલાઈની આ ભલાઈ ની દિવલને નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગાડીયા,ડીવાયએસપી રાજેશ પરમાર,નર્મદા જિલ્લા બાર એસોસીએસસન પ્રમુખ વંદનાબેન ભટ્ટ,એડવોકેટ અશ્વિનાબેન શુક્લ,રાજપીપળા સ્પોર્ટ્સ એસોસિએશન પ્રમુખ ડો.નૈષધ પરમાર પાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યા સહિત રાજપીપળાના રહેવાસીઓ ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકી હતી.રાજપીપળા સ્પોર્ટ્સ એસોસીએશન ટીમે આ સેવાકીય કાર્યની શરૂઆત કરવા અને કાર્યક્રમને સફળ બનાવવા મેહનત કરી હતી.લોકો આ મામલે જાગૃત થાય એવા પ્રયાસો હાથ ધરવા તથા મોટી સંખ્યામાં લોકો ભાગ લે એવી પોલીસ વડાએ લોકોને અપીલ કરી હતી.આ કોન્સેપ્ટના વિચારક મુકેશ નેગી (AIO) દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બની કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વ આયોજન કરવામાં આવ્યું હતું.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગુ

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં કમાન્ડન્ટ કમ પ્રિન્સીપલશ્રી આર.પી.એફ. ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ, વલસાડના કર્મચારીઓના તાલીમના ભાગરૂપે તા.૩૦/૧/૨૦૧૯ ના રોજ સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઈપણ વ્યકિતને ઈજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કમલેશ બોડરે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા ઉપર મનાઈ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

વરાછા ઝોનની નગર પ્રાથમીક શાળાઓનો વાલીદિન ઉજવાયો

સુરત

ન.પ્રા.શિ. સમિતિ સુરત આયોજિત વરાછા ઝોનનો વાલીદિન ઉજવણી કાર્યક્રમ ક્રાન્તિમેદાન- સુરત ખાતે યોજાયો હતો. જેમાં નાના નાના ભૂલકાઓ દ્વારા ૬ જેટલી વિવિધતા સભર કૃતિ રજૂ કરવામાં આવેલી. તથા સમગ્ર ઝોનમાંથી ધોરણ ૮મા પ્રથમ આવેલા વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવ્યું તથા શાફા ન.૨૭૦ના ઉપશિક્ષિકા શ્રી આશાબેન પટેલ રાજય કક્ષાએ રમતોત્સવમાં સતત ૫ વર્ષથી પ્રથમ નંબર આવવા બદલ સન્માનિત કરવામાં આવ્યા. તથા પ્રાઈવેટ શાફામાંથી સરકારી શાફામાં કુલ ૩૫૪ વિદ્યાર્થી એડમિશન બદલ શાફા નં. ૩૩૪ના સમગ્ર સ્ટાફને સન્માનિત કરવામાં આવ્યો. તથા કુલ ૧૫ જેટલા અધિકારી તથા પદાધિકારશ્રી ઓ ઉપસ્થિત રહયા હતા . ખૂબ જ ઉત્સાહપૂર્વક કાર્યક્રમ યોજાયો અને કાર્યક્રમ નિહાફવા અંદાજિત ૬૫૦૦ જેટલા વાલીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. અને સમગ્ર કાર્યક્રમ નિહાલ્યા બાદ નાસ્તા વિતરણ કરવામાં આવ્યું . આમ ખૂબ આંનદ ઉત્સાહથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

બોલો...પાલિકાએ શૌચાલય તો બનાવ્યા પણ ડ્રેનેજ નાખતા જ ભૂલી ગઈ

સુરત

શહેરને સ્વચ્છતામાં નંબર વન લઈ જવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા રાત દિવસ મહેનત કરવામાં આવી રહી છે. સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ જ્યારે પણ સુરત આવે છે ત્યારે શહેરને ચોખ્ખું ચણાક કરી દેવામાં આવે છે. અને તેમાં સફળતા પણ મળે છે. તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા સુરત મહાનગરપાલિકાને ઓડિફ ડબલ પ્લસનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ઓડિએફ ડબલ પ્લસ એટલે જાહેરમાં શૌચમુક્ત શહેર. જોકે, આ પ્રમાણપત્ર મેળ્યું પણ વાસ્તવિકતા તદ્દન વિપરીત છે. શહેરના પાંડેસરાના ભેદવાડામાં પાલિકા દ્વારા ઘરે ઘરે બનાવવામાં આવેલા શૌચાલયોમાં છેલ્લા ચાર વર્ષેથી ડ્રેનેજ લાઈન જ નાખવાનું ભૂલી ગઈ હોવાનું સામે આવ્યું છે.

શહેરની પાંડેસરાનો ભેદવાડ અને પ્રેમનગર વસાહતમાં લોકોને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા માટે વલખા મારવા પડી રહ્યા છે. ૪ વર્ષ પહેલાં સુરત મહાનગરપાલિકાએ અહીં વસતા લોકોનો વિચાર કરીને ઘરે ઘરે શૌચાલય બનાવી આપ્યા હતા. ૪૦૦ જેટલા ઘરોમાં પાલિકાએ શૌચાલયો પોતાના ખર્ચે બનાવી આપ્યા હતા. જોકે, ચાર ચાર વર્ષ વીતી ગયા બાદ પણ ડ્રેનેજ લાઈન નહીં નાંખવાને કારણે આ શૌચાલયો શોભાના ગાઠિયા સમાન બની ગયા છે. જ્યારે આ શૌચાલયોને લોકોએ સામાન મૂકવાની રૂમ બનાવી દીધી હોવાનું પણ સામે આવ્યું છે.

પાંડેસરા અને ભેદવાડા વસાહતમાં રહેતા સ્થાનિકોએ જણાવ્યું હતું કે, પાંડેસરાની પ્રેમનગર અને ભેદવાડ વસાહતમાં ૪૦૦થી વધુ પરિવાર વચ્ચે હાલ ફક્ત એક પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવામાં આવ્યું છે. જેની પર જ લોકોએ નિર્ભર રહેવું પડે છે. જ્યારે અન્ય એક જાહેર શૌચાલય પણ ઘરમાં બનાવી આપવામાં આવેલા શૌચાલય ખંડેર હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. જેથી ના છૂટકે અમૂકવાર લોકોએ જાહેરમાં શૌચ કરવાની ફરજ પડે છે.

કતારગામ મગન નગર અને પીપલોદ નંદીપાર્ક સોસા.ના મકાનમાં ચોરી

સુરત શહેરમાં જોરદાર ઠંડી વચ્ચે તસ્કરોએ ઉપાડો લીધો

સુરત

કતારગામ અને ઉમરા પોલીસ મથકની હદમાં ચોરીના બે બનાવમાં રૂા. ૩.૪૦ લાખની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં આરગામ મગનનગર-૨, ધ્રુવી એપાર્ટમેન્ટના ફલેટ નં. ૨૦૨માંથીઅજ ાણ્યા તસ્કરો રોકડા રૂા. ૩૨ હજાર, સોનાના દાગીના, મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૧.૫૪ લાખની મતા ચોરી કરી ગયા હતા. બનાવ ફલેટ માલિક કાજલબેન જયસુખભાઈ ગડીયાએ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં પીપલોદ નંદિની પાર્ક ઘર નં. ૫૮માંથી અજાણ્યા તસ્કરો વિદેશી ચલણી સહિત સોનાની દાગીના મળી કુલ્લે રૂા. ૧,૯૫,૫૨૦ની મતા ચોરી કરી ગયા હતા. ઘરમાલિક પ્રતિક નીલેશ ઝવેરીએ ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ઉકત બન્ને ચોરીના બનાવો સંદર્ભે પોલીસ તપાસ આદરી છે. અને ચોરીના સ્થળો પાસેના સીસી ટીવી ફૂટેજ પોલીસે એકત્ર કર્યાં હોવાનું પણ જાણવા મળે છે.

જમવા અંગે પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડેલા સાળાને ચપ્પુ મારી દેવાયું

પરિણીતાએ ઝઘડાની વાત ભાઈને કરતા સાળા-બનેવી વચ્ચે મારામારી

સુરત

અમરોલી કોસાડ આવાસ ખાતે ખાવાનું બનાવવા બાબતે પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડામાં આવેશમાં આવી ગયેલા સાળાએ બનેવી પર ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કોસાડ-આવાસ એચ-૧ બિલ્ડિંગમાં ઉમેશ ચંદ્રકાંત મારીક રહે છે. તેઓ છુટક મજૂરી કરે છે. તેણીના લગ્ન જ્યોતિબેન સાથે થયા હતા. ગત રાત્રે ઉમેશનો ખાવાનું બનાવવા બાબતે ઝઘડો પત્ની સાથે થયો હતો. ત્યારબાદ પતિ સાથે થયેલા ઝઘડાની વાત તેણીએ પોતાના સગાભાઈ દિપક રાઠોડને કરી હતી. ત્યારપછી દિપક રાઠોડ ગતરાત્રે બનેવી ઉમેશને ત્યાં આવી ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સાથે પોતાના ગજવામાંથી ચપ્પુ કાઢી બનેવી પર હુમલો કરી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધ્યો હતો.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવા સુધાર મુસ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્કમભારી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધો વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાફરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઇનિશ્યલી ભાગીદાર રૂપિયા કામ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગારી દૂર કરવા કમાવેલા પૈસામાંથી

(PLAN - A)
ફાકીના ૧૫૦/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સામે રાફરાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ ગ્રા વર્ષ માટે ૫૦૦/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ ફ્રીજ ગ્રા વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સામે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સામે રાફરાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્પનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદૃઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





અંકલેશ્વર જીઆઇડીસીમા રાજપીપળા રોડ ઉપર આવેલ બાપુનગર માંથી જુગારધામ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફ થી જીલ્લા મા જુગાર ની પ્રવુતિ નેસ્તનાબુદ કરવા સખ્ત સુચના મળેલ હોય જે અનુસંધાને ભરૂચ એલસીબી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.એસ.ચૌહાણ નાઓના માર્ગદર્શન હેઠળ ના પો.સ.ઇ વાય.જી.ગઢવી તેમજ ટીમ ના પોલીસ માણસો અંકલેશ્વર વિસ્તાર મા પેટ્રોલીંગ મ! હતા દરમ્યાન અંકલેશ્વર જીઆઈડીસી મા રાજપીપળા રોડ ઉપર આવેલ સારંગપુર ગામની બાપુનગર ખાતે પ્લોટ નં-૦૧ મા આવેલએ.આર.સ્ટીલની રૂમમાં જુગારધામ ચાલતુ તેવી બાતમી હકીકત એલ.સી.બી ના પો.કો. સરફરાજ મહેબુબભાઈ ને મળતા મળેલ બાતમી મુજબ ત્યાં રેડ કરતા જગ્યાના સંચાલક (૧) અબ્દુલરહીમ અબ્દુલગફાર ખાન રહે-રોયલ ઈન રેસીડન્સી, મ.નં-બી-૨૦૨,જી.આઇ.ડી.સી એસ.ટી ડેપો સામે,અંકલેશ્વર મુળ રહે-દાનુકૂહા જી-બસ્તી, ઉત્તરપ્રદેશ નાઓ તથા બીજા ઈસમો જેમા (૨) મહંમદસલીમ મહંમદઅલી મલેક રહે-બાપુનગર ઈન્ડીયા માર્કેટ, મકાન નં-૨૭-૨૮,રાજપીપળા રોડ. શાંતીનગરની બાજુમા, સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-ફતેહાબાદ,જમનાગલી તા-ફતેહબાદ જી-ફીરોજાબાદ ઉત્તરપ્રદેશ(૩) અબ્દુલરહેમાન ફીરોઝ શેખ રહે.બાપુનગર, કરમા શર્મા ની રૂમમાં ભાડેથી, શાંતીનગરની બાજુમા. રાજપીપળા રોડ સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-મદનપુર પોસ્ટ-ચીલ્લા જી-બાંદા ઉત્તરપ્રદેશ (૪) અફઝલ ઈકતેખાર શેખરહે.હીફાઝતનગર, પ્લોટ નં-૨૫-૨૬, શાંતીનગર પાસે, રાજપીપળા રોડ, સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-જોગરી જી-મહુ ઉત્તરપ્રદેશ(૫) થામીન નુરઈસલામ બિશ્વાસ રહે.બાપુનગર,પ્લોટ નં-૦૧, એ.આર.સ્ટીલ ના રૂમમા, શાંતીનગર પાસે રાજપીપળા રોડ, સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-પશ્ચિમ ઈશાપુર થાના-બારાસત પોસ્ટ-નબપુલ્લી જી-ઉત્તરચોવીસપરગના પશ્ચિમબંગાળ (૭) તુતામુલ્લા ઉસ્માનમુલ્લા રહે.બાપુનગર,પ્લોટ નં-૦૧, એ.આર.સ્ટીલ ના રૂમમા, શાંતીનગર પાસે રાજપીપળા રોડ, સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-પશ્ચિમ ઈશાપુર થાના-બારાસત પોસ્ટ-નબપુલ્લી જી-ઉત્તરચોવીસપરગના પશ્ચિમબંગાળ (૮) નુરઈસ્લામ અનીસ બિશ્વાસ રહે.બાપુનગર,પ્લોટ નં-૦૧, એ.આર.સ્ટીલ ના રૂમમા, શાંતીનગરપાસે રાજપીપળા રોડ, સારંગપુર તા-અંકલેશ્વર મુળ રહે-પશ્ચિમ ઈશાપુર થાના-બારાસત પોસ્ટ-નબપુલ્લી જી-ઉત્તરચોવીસપરગના પશ્ચિમ બંગાળનાઓ ગે.કા રીતે પત્તા-પાના વડે રૂપિયા ની હાર જીત નોજુગાર રમતા રોકડા રૂપિયા ૦૧,૮૨,૩૦૫/-તથા જુગાર ના સાધનો તથા મોબાઈલ ફોન-૦૬ તથા ચાર વાહનો મળી કુલ કિં.રૂ.૦૯,૨૨,૩૦૫/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા તમામ મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ ઉપરોક્ત તમામ વિરૂધ્ધ અંકલેશ્વર જીઆઈડીસી પો.સ્ટે. મા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

વિદેશી દારનો ૨,૪૭,૬૦૦/- નો મુદ્દામાલ પકડી ગણનાપાત્ર પ્રોહીબીશનનો ડેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ



ભરૂચ પોલીશ અધિક્ષક રાજેન્દ્રાસિંઠ ચુડાસમા તરફથી પ્રોહી/જુગારબી અજ્ઞામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુંસંધાને નાયબ પોલીસ ઓરધેક્ષક એ.લ.એ.ઝાલાના માગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં પો.કો. ધર્મેશભાઈ રમેશભાઈ બ.નં.૧૨૦ ની બાતમીના આધારે પ્રોહી. અંગેની વોચમાં રહી સામોર૨ ગામની સીમમાં એક ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો પકડી તપાસ કરતા જેમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ અને ટેમ્પો મળી કુલ રૂ.૨,૪૭,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી તેમજ ટેમ્પો ચાલક ટેમ્પો મુકી નાશી જઈ જેથી તેઓના વિરૂધ્ધ પ્રોહી એકટ મુજબ કાયદેસર કાર્યવાહી કરવમા આવેલ છે

માંડવા ગામમા માછી ફળીયા પાસે ખુલ્લામા વરલી મટકાનો જુગાર રમતા આઠ ઈસમોને ઝડપતી ભરૂચ એલ.સી.બી. તથા પેરોલ સ્કોડ



પોલીસ મહાનિરીક્ષક સાહેબ અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તરફથી "જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ઝાલા સાહેબના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ. વાય.જી.ગઢવી તથા એલ.સી.બી. તેમજ પેરોલ સ્કોડ સ્ટાફ ના માણસોએ મળેલ માહીતીના આધરે માંડવા ગામમા માછી ફળીયામાં રહેતી શરીફાબેન બશીરભાઈ ગરાસીયા ના ઘરના પાછળના ખુલ્લા ભાગે વરલી મટકાનો જુગાર રમતા આઠ આરોપીઓને પકડી પાડેલું છે.પકડાયેલ આરોપીઓના નામ (૧)શરીફાબેન બશીરભાઈ ગરાસીયા રહે.માછી ફળીયુ માંડવા તા.અંક્લેશવર જી. ભરૂચ (૨) પુનાભાઈ મોહનભાઈ વસવા રહે,નવીનગરી સામોર તા.અંક્લેશવર જી.ભરૂચ (૩) નસરુભાઈ અમીરભાઈ ગરાસીયા રહે, માછી ફળીયુ માંડવા તા.અંક્લેશવર જી.ભરૂચ (૪) સુરેન્દ્રભાઈ સુકદેવભાઈ વસાવા રહે,નવી નગરી અમરતપરા તા.અંક્લેશવર જી. ભરૂચ (૫) એઝાઝભાઈ બશીરભાઈ ગરાસીયા રહે, નવી નગરી ગોવાલી તા.ઝઘડીયા જી. ભરૂચ (૬) સોહેલભાઈ રસીદભાઈ મોગલ રહે,માછી ફળીયુ માંડવા તા.અંક્લેશવર જી.ભરૂચ (૭) કીરણભાઈ કાન્તીભાઈ વસાવા રહે,ભાથીજી મન્દીર ફળીયુ નવા કાંસીયા તા.અંક્લેશવર(૮)ફીરોઝભાઈ નસરુભાઈ મોગલ રહે, માછી ફળીયુ માંડવા તાઅંક્લેશ્વર જી. ભરૂચ

જમ કરેલ મુદ્દામાલ-અંગઝડતીના રોકડા રૂપિયા ૬,૨૨૦/- તેમજ કાચી ચીઠી ની બૂક નંગ-૧ તથા ચીઠી નંગ-૭ તથા બોલપેન નંગ-૧ જેની કિ.રૂ. ૦૦/-ગણી તથા મોબાઈલ નંગ-૪ કિ.રૂ. ૬,૦૦૦/- તથા મોટર સાયકલ નંગ-૨ કિ.રૂ. ૮૦,૦૦૦/- આમ કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૯૨,૨૨૦/-

ગ્રામસેવા સમાજ ચોર્યાસી ટ્રસ્ટની શાળાઓમાં ગણતંત્ર દિન ઉજવાયો

સુરત

ભેસ્તાન સ્થિત ગ્રામ સેવા સમાજ ચોર્યાસી ટ્રસ્ટ સંચાલિત સર્વોદય તેમજ ભાગ્યોદય વિદ્યાલયના સંયુક્ત નેજા હેઠળ ૭૦માં પ્રજાસત્તાક દિન સમારંભ શહેરના પ્રખ્યાત ડેન્ટલ સર્જન ડૉ. સમીર શાહ સાહેબના પ્રમુખ પદે તેમજ ડેન્ટલ સર્જન ડૉ. અર્પિત શાહ તેમજ યુકો બેંકના માજી મેનેજર રશ્મિકાંતભાઈ શાહનાં અતિથિ વિશેષ પદે યોજાયો હતો. સમારંભના પ્રમુખે પ્રસંગોચિત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથો સાથ વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં રસ લઈ પર્યાવરણની સમતુલા જળવાય, દેશનાં સ્વચ્છતા અભિયાનમાં સક્રિય બનવું જોઈએ. દેશના વિકાસના પાયાના પથ્થરો તો આપ જ છો, એવી શીખ આપી હતી. અતિથિ વિશેષ રશ્મિકાંતભાઈએ પણ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પ્રસંગોચિત ધારદાર પ્રવચનો થયા હતા. બે કલાકનાં રંગારંગ કાર્યક્રમના અંતે હાજર મેદનીને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્પર્શ રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન અંગે બેઠક યોજાઈ

વલસાડ

વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સ્પર્શ લેપ્રેસી અવેરનેસ કેમ્પેઇન તા.૩૦/૧/૧૯ થી તા.૧૩/૨/૧૯ દરમિયાન યોજાનાર છે. જે અંગેના સુચારા આયોજન અંગે જિલ્લા કલેકટર સી.આર. ખરસાણની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા રકતપત્તિ અધિકારીશ્રી દ્વારા પ્રેઝેન્ટેશન દ્વારા જિલ્લાની રકતપિત્ત અંગેની માહિતી રજૂ કરી હતી. કલેકટર સી.આર. ખરસાણે સ્પર્શ લેપ્રેસી અવેરનેસ કેમ્પેઇન વધુ અસરકારક બનાવવા જિલ્લાના તમામ તાલુકાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં રકતપિત્ત અંગે લોકોને જાણકારી આપવામાં આવે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.પી.દેસાઈ, ડૉ. રાજેશ પટેલ સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા

સરકારી કચેરી પાસે ધરણા અને આંદોલન કરવા ઉપર પ્રતિબંધ

સુલેહ શાંતિ અકબંધ રાખવા જિલ્લા પ્રશાસન દ્વારા હુકમ ફરમાવાયો

નવસારી

ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની દુર્ઘટનાઓ વારંવાર બનવા પામી છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકફાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગે પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે.

નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા જફવાય તે હેતુસર નવસારી જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ કે.જે.રાઠોડે એક જાહેરનામા દ્વારા મફેલી સત્તાની રૂએ નવસારી કલેકટર અને મેજીસ્ટ્રેટની કચેરી, નવસારી જિલ્લા પંચાયત અને અન્ય સરકારશ્રીની વિવિધ વિભાગની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થવા સભા/સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી તા.૦૮/૦૨/૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમના અનાદર બદલ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠફ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નાની બેડવાણ પ્રા શાળાએ રાષ્ટ્ર કક્ષાએ નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યુ



તા ૨૪ થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન ભુજ (કચ્છ) ખાતે ગુજરાત રાજયના ૪૬ માં ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનમાં નર્મદા જિલ્લાની નાની બેડવાણ પ્રા.શાળાએ રજુ કરેલી કૃતિ ઓટો વર્કિંગ પમ્પને રાષ્ટ્ર કક્ષાના ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન માટે પસંદગી પામતા નર્મદા જિલ્લા માટે આનંદની લાગણી ફેલાઈ છે . શાળાના આચાર્ય કૃષ્ણકાંત બી રામાનુજ તથા શાળાના વિજ્ઞાન શિક્ષક કમલેશકુમાર ઈશ્વરભાઈ પટેલ તેમજ ભાગ લેનાર વિદ્યાર્થીઓ ગૌતમ સંજયભાઈ પ્રજાપતિ, પ્રવીણ રાકેશભાઈ ભાવસાર તેમજ શાળા પરિવાર અને સમસ્ત ગામ લોકો અભિનંદન ને પાત્ર બન્યા. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી બી. ડી બારીયા તેમજ DIET પ્રાચાર્ય એમ. જી. શેખ. એ અભિનંદન પાઠવી બાળકો અને વિજ્ઞાન શિક્ષકનો ઉત્સાહ વધાર્યો હતો વિજ્ઞાન શિક્ષક કમલેશભાઈએ આ કૃતિ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે,વગર ખર્ચે એક જગ્યા એ થી બીજી જગ્યા એ પાણી પહોચાડવા તેમજ ભવિષ્યમાં આ પમ્પના માધ્યમ થી બીજા પણ અનેક ઉપયોગી ફાયદાઓ થઈ શકે એમ છે આગામી સમયમાં આ કૃતિ રાષ્ટ્ર કક્ષાના ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનમાં ભાગ લેશે.





કુંભારવાડા મા છેલ્લા દોઢ વર્ષથી રોડ રસ્તા બિસ્માર હાલતમાં કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર ભોપાભાઈ ભડીયાદ્રા ખુબ ગુસ્સે ભરાઈ રોડ રસ્તા ચક્કા જામ કર્યા



કુંભારવાડા પીપર થી કુંભારવાડા સર્કલ સુધીનો રોડ છેલ્લા દોઢ વર્ષથી બિસ્માર હાલતમાં છે ત્યા ના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અવર નવાર રજુઆત કરવા છતા કોઈપણ પ્રકારના પગલા ભરવામાં આવ્યા ન હતા તથા ભોપાભાઈ દ્વારા બે વાર કલેકટર કચેરી ખાતે આવેદન પત્ર પણ આપવામાં આવ્યા હતા છતા પણ કોઈ એક્શન લેવામાં આવ્યા ન હતા

જેથી આજરોજ પૂર્વ કોર્પોરેટર ભોપાભાઈ ભડીયાદ્રા દ્વારા કુંભારવાડા ચીત્રામાની ડેરી પાસે સૌહ ને ભેગા કરી રોડ રસ્તા બંધ કરી રોડ બનાવો રોડ બનાવો ના સુત્રોચ્ચાર કર્યા હતા અને થોડી વાર માટે ટ્રાફિક જામના દ્રશયો સર્જાયા હતા આ બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને રોડ ખુલલો કર્યો હતો

છેલ્લા સાત વર્ષથી ભરૂચ શહેર એ.ડીવી. પો.સ્ટે.ના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી.તથા પેરોલ ફર્લો સ્કોર્ડ ભરૂચ



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સુચના તેમજ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ.જે.એન.ઝાલા તથા પેરોલ સ્કોર્ડ ના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ.એ.એસ.ચૌહાણ નાઓના માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લા મિલ્કત ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી ભરૂચ શહેર એ.

ડીવીઝન પો.સ્ટે. કલમ-૪૦૬,૪૨૦ મુજબના ગુનાના કામનો નાસતો

ફરતો આરોપી ચિરાગભાઈ પ્રવિણભાઈ ઠક્કર ઉ.વ.આ.૩૪, રહે.ભાડભુત તા.જી.ભરૂચ હાલરહે.અમીરગઢ ચાંદની ચોક તા. અમીરગઢ જી.બનાસકાંઠા નાને અમીરગઢ મુકામેથી પુર્વ બાતમી

આધારે મળી આવતાં આરોપીને અત્રે ભરૂચ એલ.સી.બી.ની ઓફીસે લઈ આવી આરોપીને ગુના સબંધે પુંછપરછ કરતાં ઉપરોકત ગુનાની કબુલાત કરતાં આરોપીને તા.૩૦/૦૧/૨૦૧૯ ના કલાક-૧૮/૩૦ વાગે સી.આર.પી..સી. કલમ-૪૧(૧) આઈ મુજબ અટક કરી કાયદેસર કાર્યવાહી કરી ભરૂચ શહેર એ. ડીવીઝન પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સારૂ સોંપવામાં આવેલ છે.

કેવડીયામાં હરિયાણા ભવનનો વિરોધ અને પોલીસ પર પથ્થરમારાને મામલે ૧૨ સામે ફરિયાદ માં ૪ આગેવાનો ના આગોતરા રદ

આજે બીજા બેની સુનાવણી : આદિવાસીઓ પર પોલીસનો પીસાતો સંકંજો : બીજીબાજુ આ બાબતનો વિરોધ

રાજપીપળા : કેવડીયામાં બનનારા હરિયાણા ભવનનો કેવડિયા ગ્રામજનો અને સ્થાનિક આદિવાસી આગેવાનો દ્વારા વિરોધ કરાતા આદિવાસીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું આ સાથે પોલીસના લાઠીચા?જ સો પથ્થરારાની પણ ઘટનામાં પોલીસ કર્મી ઘવાતા કેવડિયા પોલીસે આ મામલે ૧૨ સામે ફરિયાદ નોંધી હતી. જેમાં ૩ આગેવાનો એ ધરપકડ થી બચવા રાજપીપપી કોર્ટમાં આગોતરા અરજી કરી હતી.જેમાં ડો.પ્રફુલ વસાવા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન દિનેશ તડવી તેમના પુત્ર રણજિત તડવીની અરજીઓ રાજપીપળા એડિશનલ સેસન્સ જજ એસ.પી.તમાંગે આગોતરા જામીન અરજી ફગાવી દેતા તેમની મુશ્કેલી વધી છે, જયારે આજે લખન મુસાફિર અને નરેશ તડવીની આગોતરાની સુનાવણી છે. આમ એક પછી એક આગોતરા જામીન ના મંજુર કરતા આદિવાસી આગેવાનો પર પોલીસનો સકંજો વધતો જાય છે. કેવડિયા પોલીસે પણ આ તમામને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે ત્યારે હવે આ બાબતે આદિવાસીઓમાં વિરોધ પણ વધી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે ફરિયાદ કર્યા બાદ આરોપીઓને આગોતરા જામીન નહી આપવા તપાસ અધિકારીએ સોગંદનામું કર્યું હતું. મુખ્ય જિલ્લા સરકારી વકીલ જીતેન્દ્રસિંહ ગોહિલની દલીલોના આધારે કોર્ટે અરજીઓ ફગાવી દીધી છે, આવતીકાલે અન્ય ૩ આગેવાનોની આગોતરા જામીન અરજીઓ પર સુનાવણી થશે.ત્યારે હાલ આ તમામ આગેવાનોના આગોતરા ફગાવતા આગેવાનોની કોઈ પણ સમયે ધરપકડ થઈ શકે છે. જેથી તમામ આગેવાનો હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

સેન્ટ્રલ ઝોન દ્વારા લુહારપોળમાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

અન્ય મિલ્કતમાં ગેરકાયદે બનતી દુકાનનું શટર જપ્ત

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૦૪૫, લુહારપોળ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ભરતકુમાર કાંતિલાલ ભુતવાલા અને અન્યો દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૯-૧-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યુરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળનો આશરે ૯૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૩૦૦ ચો.ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસેથી કુલ રૂા.૫૦ હજાર ડિમોલીશન ચાર્જ પેટે વસૂલ લેવામાં આવેલ છે. ઉપરાંત સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૦૨૬ તથા નોંધ નં.૧૧૬૨, લુહારપોળ વાળી મિલકતોમાંથી ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન બનાવવાના હેતુથી લગાવેલ શટર દુર કરી ડીમોલીશન પેટે મિલ્કતદારો પાસેથી કુલ રૂા.૧૦ હજાર વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

અંકલેશ્વરની વાલિયા ચોકડી નજીક ખાનગી બસને નડ્યો અકસ્માત



અંકલેશ્વર થી સુરત તરફ જઈ રહેલી એક ખાનગી લકઝરી બસ પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે અને ૧૨ જેટલા મુસાફરો ઘાયલ થયા છે. અકસ્માતમાં ૧૦ થી ૧૨ જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે તેવોને તાત્કાલિક સારવાર અર્થે અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલ અને ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેવામાં આવ્યા છે.

વિદેશી દારૂની અને મોબાઈલ મળી કુલ રૂ.૩૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે ને ઝડપી પાડતી ભરૂચ તાલુકા પોલીસ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના તેમજ તથા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ ભરૂચ નાઓ દ્વરા ભરૂચ જીલ્લામાં રોડ પ્રવૃતી નેસ્તનાબુદ કરવા તથા આવી ગે.કા.પરવૃત્તિ કરતા ઈસમોને પકડી પાડવા આપેલ સુચના તેમજ જરૂરી માર્ગદર્શન હેઠળ આજરોજ બાવા રૂસ્તમ દરગાહ ઉર્સ તહેવાર નિમિત્તે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન બાતમીદારથી હકીકત મળેલ કે ભરૂચ લીમડી ચોકમાં રહેતો મોહસીન સફીક કુંભાર નાઓ વિદેશી દારૂનો જથ્થો મનુબર ગામે નવી નગરીમાં રહેતા સહદેવભાઈ રમેશભાઈ વસાવાના ઘરમાં લાવી સંતાડેલ છે. જે બાતમી આધારે પ્રોહી રેડ કરતા (૧) મોહસીન સફીક કુંભાર રહે-લીબડી ચોક ગાયત્રી મંદિર પાસે તા.જી. ભરૂચ (૨) સહદેવભાઈ રમેશભાઈ વસાવા રહે- મનુબર નવી નગરી તા.જી.ભરૂચ. નાઓને જોન માર્ટીન પ્રીમીયમ વ્હીસ્કી સીલ્વર સ્ટાર ડીસ્ટ્રીલરી નાની દમણ માર્કાની ૩૭૫ મી.લી. ની પરપ્રાંતીય વિદેશી દારૂની બોટલો નંગ- ૧૪૪ કિ.રૂ. ૩૫,૦૦૦/- તથા બે સાદા મોબાઈલ કિ.રૂ. ૧૦૦૦/-મળી કુલ્લે-કિ.રૂ.૩૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેઓ વિરૂધ્ધ ભરૂચ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ? ૧૩/૨૦૧૯ પ્રોહી એકટ કલમ- ૬૫ એ,ઈ, ૮૧ મુજબનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવેલ છે.



હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી*
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

THICKSHAKE
-NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of
51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786


3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004